February 2024

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Year 19 ● Issue 5 / 216
● Mumbai ● Page 32 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન: 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)



મારા પ્યારા સ્નેહી સ્વજનો,

Happy Vallentine - Day Happy Vasant Panchami...

***મિત્રો ! તમે સ્મિત કરો છો, ત્યારે દિલને અવસર જેવું લાગે છે;***

***મુજને બે - ચાર પળમાં જીવતર જેવું લાગે છે...***

આવી તમારી પ્રેમની લાગણીનો સ્વીકાર કરતાં, **વસંતના વધામણા** સાથે જ શ્રી પાટણ જૈન મંડળમાં **આનંદના વધામણા** વહેતા થયા. આપ સર્વે પરિવારોના મુખ પરની **મધુર મુસ્કાન, ઉત્સાહ અને ઉમંગ** એજ આપણા સહુના જીવનમાં એક **વસંતોત્સવ** લાવે છે, **૮મી માર્ચનાં રોજ આવનાર આંતરરાષ્ટ્રીય મહિલા દિન** નિમિત્તે શ્રી પાટણ જૈન સમાજની સર્વે મહિલાઓને ખુબ ખુબ અભિનંદન સાથે આપ સર્વેનું જીવન સક્ષમ અને સમર્થ બની રહે તેવી શુભેચ્છા. **ભારતદેશના વડાપ્રધાનના કરકમળો દ્વારા અયોધ્યા પ્રાચીન નગરી, એક ધર્મની, આસ્થાની નગરી ખાતે જે શાનદાર રીતે સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ સાથે માત્ર ભારતની પ્રજા જ નહીં, પણ અન્ય દેશોની પ્રજાએ પણ લાઈવ રીતે રામલલ્લાની પ્રતિષ્ઠા જોઈને માનનીય શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ખુબ જ સુવર્ણ ઈતિહાસ બની રહ્યો.**

મિત્રો, સ્નેહી, સ્વજનો મને તથા **મારી સમગ્ર ટીમને આ બીજી ટર્મ માટે આપ સહુએ ફરીથી એકવાર અમારા પર જે ભરોસો રાખ્યો છે. જે વિશ્વાસ રાખ્યો છે તેને ક્યારેય પણ આંચ નહીં આવે તેવી ખાતરી આપીને શ્રી પાટણ જૈન સમાજને સમર્પિત કરતાં મને અને મારી ટીમને આનંદ અને ગર્વની લાગણીનો અનુભવ થાય છે. હજી ઘણા ઘણા આયોજનો કરવાની અમારી નેમ છે જે રીતે સઘળા તીર્થોમાં પાટણનું નામ સ્મરણ કરવામાં આવે છે, જે ભૂમિ પર મહાન વિભુતિ શ્રી કલિકાલ સર્વજ્ઞ તથા શ્રી કુમારપાળ રાજાની યશોકિર્તી ગવાઈ રહી છે. તે ભૂમિના આપણે સહુ વારસદારો છીએ જરૂરથી અમારી ટીમ મુંબઈ તથા પાટણ ખાતે નવી ઉર્જા, નવો ઉત્સાહ અને નવા જોશ સાથે કામ કરીને એક માઈલ સ્ટોનનું સર્જન કરશે.**

મને જણાવતાં ગર્વનો અનુભવ થાય છે કે અમેરિકામાં વસતાં શ્રી પાટણ જૈન સમાજનાં ટ્રસ્ટી **શ્રી નિતીનભાઈ જયંતિલાલ શાહ (ખેતરવસીનો પાડો), શ્રી મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો), શ્રી વિરાજ નિગ્નેશ શાહ (કનાસાનો પાડો) આ ત્રણેની મહેનત અને સાથ-સહકારથી આપણી સંસ્થાને 501C (3) સર્ટિફિકેટ મળ્યું છે, તો હવે જેઓને ત્યાંથી અહીં મુંબઈ ખાતે ડોનેશન (દાન આપવાની ઈચ્છા હોય તો એને (USA)** માં **100% Tax Dedction મળી શકશે.**

પાણીતાણાનો યાત્રા પ્રવાસ સુખદ અને સફળ થયા બાદ **શાશ્વત તીર્થમાં મોક્ષ નામ સમ્મેત શિખરજીનું છે** તેની યાત્રાના આયોજનમાં તન-મન-ધનથી અમે કાર્ય કર્યું છે. સમાજના દાનવીર પરિવારોએ **દાનના દીવા પ્રગટાવી સમાજને ઉજ્જવળ બનાવ્યો છે.** રાત-દિવસ જોયા વગર એક સાથે મળીને **'સાથી હાથ બઢાના'** સૂત્રને અપનાવીને ઓફિસના બધાજ સ્ટાફનો સંપૂર્ણ સાથ-સહકાર મેળવીને, સમાજનાં બીજા નવયુવાન સેવાભાવી કાર્યકરો (વોલિઈન્ટરો) સર્વેએ આ યાત્રાને સંપૂર્ણ સફળતા મળે, યાત્રિકોને

Cont. page 2

કોઈપણ પ્રકારની મુશ્કેલી કે અગવડ ના પડે તેનું બરાબર ચોક્કસાઈપૂર્વક ધ્યાન રાખીને કાર્ય કર્યું છે. યાત્રાની સંપૂર્ણ વિગતવાર જાણકારી આપવા તેમજ માર્ગદર્શન આપવા, દાતા પરિવારોનું અભિવાદન કરવા તથા વોલિન્ટિયર ભાઈઓનો પરિચય કરાવવા, ધર્મશાળાના રહેઠાણ નિવાસથી લઈને સંપૂર્ણ વિગતો માટે **તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ** આપણા નિષ્ઠાપૂર્વક, સેવાભાવી સમાજપ્રેમી **શ્રી રોહિતભાઈ એમ. શાહના નેતૃત્વમાં ગરવારે હોલ-ચર્ચગેટ ખાતે, બપોરે ૪ થી સાંજના ૭ સુધી એક 'ગેટ ટુ ગેધર'નું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી શ્રી દેવેશભાઈ આર. શાહે તા. ૨૪ થી તા. ૨૯ ફેબ્રુઆરી સુધીના કાર્યક્રમની To & Fro ની માહિતી આપી હતી. By Plane માં લઈ જવા લાવવાનો આ પ્રથમ અવસર બન્યો છે. ટોટલ ૫૭૫ યાત્રિકો જોડાયા છે જે પાટણ જૈન મંડળની અભૂતપૂર્વ સિદ્ધિ છે. આ એક સોનેરી, ઐતિહાસિક ઘટના છે તથા ઉપસ્થિત તેમજ દરેક યાત્રિક પ્રવાસીને સુંદર મજાની 'કીટ' આપવામાં આવી છે. તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ બોરીવલી, ગોરેગામ, વિલેપાર્લા તેમજ મુંબઈ આપણી ઓફિસમાંથી કાર્યકર ભાઈઓએ દરેક યાત્રિકોને પ્લેનની ટિકિટો આવવા-જવાની, ધર્મશાળામાં રૂમ નંબર, નામ, બસ નં. વિગેરે આપવામાં આવ્યા છે.**

ગરવારેના પ્રોગ્રામ સમયે જે દરેક **દાતાઓએ રૂા. ૧૦ લાખનું દાન આપ્યું છે** અને કહેવાય છે કે, **'કર્યું, કરાવ્યું તેની અનુમોદના'** ને સાર્થક કરતાં તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે કાર્યકર ભાઈઓ-બહેનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કપરી કામગીરી બજાવવા માટે સર્વેનો મારા ખરાં દિલથી આભાર માનું છું અને ખુબ ખુબ પ્રસંશનીય સાથ આપવા બદલ ધન્યવાદ આપતાં મને ગૌરવની લાગણી થાય છે.

**શ્રી મહેન્દ્રભાઈ ગુંદરવાલાની પ્રેરણાથી શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ હસ્તે શ્રીમતી નીના જતીનભાઈ શાહની (ખેતરવસીનો પાડો) રૂા. ૨૫ લાખની રકમ સૌરભ મેડિકલ હેલ્થ કેરમાં Gastroenterology માટેપ્રાપ્ત થયેલ છે.**

**તા. ૮ માર્ચ ના રોજ આંતરરાષ્ટ્રીય વુમન્સ ડે** નિમિત્તે શ્રી પાટણ જૈન સમાજની વુમન્સ ડે નિમિત્તે શ્રી પાટણ જૈન સમાજની વુમન્સ એમ્પાવર કમિટિ દ્વારા **'આયુષ રિસોર્ટ' ખાતે વન-ડે પિકનીકમાં** સમાજની ૪૦૦થી વધારે બહેનો જોડાઈ છે તે બદલ **અભિનંદન 'Best of Luck'**

**તા. ૩ માર્ચના રોજ PPL** ની ફાઈનલ મેચ **પોલિસ ગ્રાઉન્ડમાં ડે એન્ડ નાઈટ નું આયોજન** કરવામાં આવેલ છે. **૫૦૦ થી વધારે** પ્રેક્ષકો ઉપસ્થિત રહેશે તેવી ધારણા છે. સાથે સિનિયર સિટીઝનની મેચ રાખવામાં આવી છે. આમા જેને ભાગ લેવો હોય તેઓએ **શ્રી રોહિતભાઈ એમ. શાહનો** સંપર્ક કરવા વિનંતી છે.

**એક્સપોર્ટ- ઈમ્પોર્ટનો** બીજો બેચ શરૂ થઈ ગયો છે. જેમાં ૨૫ થી વધારે સંખ્યામાં સ્ટુડન્ટ લાભ લઈ રહ્યા છે. આ બધા સ્ટુડન્ટને **જીવનમાં પ્રગતિ કરે અને જીવનમાં પ્રગતિ કરે અને તેમના બિઝનેશમાં સફળતા મેળવે તે જ શુભેચ્છા.**

**સૌરભ મેડિકલ હેલ્થ કેરની** પ્રગતિ દિન પ્રતિદિન સારી રીતે વધતી જાય છે. સારી સંખ્યામા ઓપીડી નો લોકો લાભ લઈ રહ્યા છે. હવે બહુ ઓછા ડિપાર્ટમેન્ટનો લાભ આપવાનો બાકી છે. જે પરિવારને **'માનવસેવા'ના આ સત્કાર્યમાં જોડાવવું હોય તો પ્રમુખ શ્રી દાનેશભાઈ તથા ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ કે. સાલવીનો સંપર્ક કરી શકે છે.** પાટણ ખાતે સ્કૂલનું બાંધકામ પૂરજોશમાં ચાલું છે. **એપ્રિલ ૨૦૨૪માં ઉદ્‌ઘાટન** કરવાની ધારણા છે એની ફાઈનલ તારીખ માર્ચના પ્રતિબિંબમાં આપવામાં આવશે. સ્કૂલમાં હજુ થોડા ડિપાર્ટમેન્ટ બાકી છે તો **જ્ઞાન-વિદ્યાના આ સરસ્વતી ભવનમાં જે દાતાઓને લાભ લેવો હોય તેઓ પ્રમુખ શ્રી દાનેશભાઈ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ, શ્રી ભરતભાઈ સી. શાહનો સંપર્ક કરી શકે છે.**

**સમેતશિખરજીની યાત્રા પરમાત્માની કૃપાથી સંપૂર્ણપણે સફળતાપૂર્વક આપ સહુની થાય અને પ્રભુ ભક્તિનો લાભ મળે તે માટે શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ ભગવાનને પ્રાંજલભાવે પ્રાર્થના.**







## તંત્રી સ્થાનેથી...

ભારતી બી. શાહ




# ''જો ભી હો તુમ, ખુદા કી કસમ, લાજવાબ હો''

**સંસ્કૃતમાં એક શ્લોક છેઃ ''યસ્ત પૂજ્યતે નાર્યસ્તુ, તત્ર રમંતે દેવતા,** જ્યાં નારીઓનું પૂજન કરવામાં આવે છે ત્યાં દેવતા પણ વાસ કરે છે. આ વાતને સાર્થક કરતો દિવસ એટલે **૮મી માર્ચ ૨૦૨૪. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. ૧૦૦ થી વધુ વર્ષોથી સમગ્ર વિશ્વમાં દર વર્ષે આ દિવસ મહિલાઓને પ્રાધાન્ય અને સન્માન આપતા ઉજવવામાં આવે છે.**

ઈતિહાસ એમ કહે છે કે **૧૯૦૯માં સૌ પ્રથમ વાર મહિલા દિવસની ઉજવણી થઈ.** ત્યારબાદ **૧૯૭૫માં યુનાઈટેડ નેશન્સે માન્યતા આપ્યા બાદ સમગ્ર વિશ્વમાં ઉત્સાહપૂર્વક ઉજવવાની શરૂઆત થઈ.** આ સેલિબ્રેશન કરવા પાછળનો હેતુ મહિલાઓ પ્રત્યે સન્માન, તેમની પ્રસંશા અને તેમનાં પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવાનો છે.

આજ સુધી એમ માનવામાં આવતું હતું કે **ભારત દેશ પુરુષ પ્રધાનનો છે, પરંતુ સમય સાથે તાલ મિલાવી આગે કદમ બઢાવતી, હિંમત અને વીરતા પૂર્વક આ માન્યતાને મહિલાઓએ ખંડિત કરી છે** દરેકે દરેક ક્ષેત્રોમાં મહિલાઓએ સમયની સાથે પોતાની એક અલગ ઓળખ, એક પહેચાન અને અસ્તિત્વ ઊભું કર્યું છે. જેની પાછળ અથાગ પરિશ્રમ અને સંઘર્ષની ગાથા છે તેથી મહિલાઓ ગર્વ સાથે કહી શકે છે તે પુરુષોની સ્પર્ધામાં જરાપણ ઓછી ઉતરતી નથી. કોઈપણ કાર્યક્ષેત્રમાં હવે મહિલાઓનો સાથ-સહકાર લેવામાં આવે છે.

સ્ત્રીનું આખું જીવન પુરુષની સાથે સમાનરૂપથી ચાલતું રહે છે. **સમગ્ર દુનિયામાં એક માત્ર ભારત દેશની સ્ત્રીઓ જ પુરુષો કરતાં વધારે જવાબદારીઓ સંભાળે છે** અને પોતાના માટે જીવવા કરતાં પરિવાર માટે પોતાનું જીવન સમર્પિત કરી દે છે

સ્ત્રીને ત્યાગની દેવી માનવામાં આવે છે. પણ વર્તમાન સમયમાં જે હાલત જોવાય છે તેમાં નારીનું દરેક જગ્યાએ અપમાન જ થઈ રહ્યું છે, તેને જોઈએ તેવું માન-સન્માન મળતું નથી તે પણ એક કડવી વાસ્તવિકતા છે. પુરુષો માટે દિવસના આઠ કલાક અને સ્ત્રીઓ માટે દિવસના સોળ કલાકની કામગીરી નિશ્ચિત થઈ ગઈ છે તે છતાં સ્ત્રીઓ હસતાં મુખે સ્વીકારને સંપૂર્ણ જવાબદારી નિભાવે છે. **સ્ત્રીઓ પ્રેમ ખાતર જીવે છે. કેમકે તે પ્રેમનું મૂલ્ય સમજે છે પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે સમજદાર અને ચતુર હોય છે.**

એક સ્ત્રીનાં અનેક રૂપ છે પુત્રી, બહેન, પ્રિયતમાં, માતા અને સંયુક્ત પરિવારમાં 'બા ની ભૂમિકા પણ તે બેખૂબીથી નિભાવી જાણે છે. પોતાની જવાબદારી અંતિમ સમય સુધી ઓછી નથી કરતી. ઘરમાં અને બહાર બન્ને સ્થાનોમાં બેસ્ટ મેનેજમેન્ટ કરતા આવડે છે. પરિવારને પ્રેમના એકસૂત્રમાં બાંધી રાખવાની દીર્ઘદ્રષ્ટિ ધરાવે છે તો સમય - સંજોગો પ્રમાણે કરકસર કરીને ઓછી આવકમાં પણ હસતાં ચહેરે ગૃહસ્થી સંભાળી શકે છે.

ભારત દેશના ઈતિહાસમાંથી તો પ્રાચીન કાળથી શૂરવીર નારીઓ હોય કે ધર્મપરાયણ નારીઓ હોય, રામાયણનો સમયકાળ હોય કે મહાભારતનો સમયકાળ હોય તે કાળની પણ નારીઓની ગાથા આજે પણ ગવાય છે. જૈન શાસ્ત્રોમાં પણ અનેકાનેક નારીઓનો મહિમા ગવાય છે. યુગો જતાં પરિવર્તન આવતું ગયું. શિક્ષણનું મહત્વ વધતું જ ગયું તેની સાથે સાથે આધુનિક શિક્ષિત નારીઓ ઈસરો સુધી અવકાશમાં પણ પહોંચીને મહિલાઓને ગૌરવ અપાવ્યું. ટ્રેનોના સુકાની પદથી લઈને પ્લેનના પાયલોટ સુધીની સફરમાં સ્થાન પ્રાપ્ત કર્યું.

ઘરમાં રસોઈ કરતાં કરતાં રોટલીના વેલણ જેવા સાધનોથી શરૂ કરીને ક્રિકેટ મેચમાં બેટ ફટકારતી થઈ, વોલીબોલ, ફુટબોલની આંતરરાષ્ટ્રીય રમતગમતોમાં પણ ગોલ્ડન સિલ્વર મેડલો મેળવીને માત્ર પોતાનું જ નહી પણ ભારત દેશનું નામ રોશન કર્યુ. દેશના દરેક ઉચ્ચ સ્થાનો પર મહિલાઓએ સ્થાન મેળવી લીધું છે, આપણા દેશની રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ હોય કે નાણાં પ્રધાન નિર્મલા સિતારામ, સુધામૂર્તિ જેવી અનેક બુદ્ધિશાળી, પ્રતિભાવંત મહિલાઓએ પોતાની ભીતરની શક્તિઓને ખીલવીને પોતાનું આગવું સ્થાન મેળવ્યું છે. 'વિમેન્સ પાવર નો અહેસાસ અન્ય મહિલાઓને થાય છે. તેમ છતાં સૌથી પ્રથમ અને પવિત્ર સ્થાન તો નારી માટે માતાનું જ છે. મા ને તો ઈશ્વરથી પણ અધિક માનવામાં આવે છે. જેના અનેક દ્રષ્ટાંતો આપણને પ્રાચીન કથાઓમાંથી જોવા, જાણવા મળે છે. પ્રભુ મહાવીરનો ત્રિશલા માતા પ્રત્યેનો પ્રેમ, બાળકૃષ્ણનો યશોદા મૈયા સાથેનો પ્રેમ, ગણેશજીનો મા પાર્વતી પ્રત્યેનો પ્રેમ આવા ઉત્તમ પ્રેમ મા ના અનેક માણ્યા છે.

આ રીતે દરેક મહિલાઓ પોતાના ભાગે આવેલું કર્તવ્ય શ્રેષ્ઠ રીતે બજાવે છે. મહિલાઓને સર્જનહારની સર્વશ્રેષ્ઠ શક્તિઓ અને વિશેષ પ્રકારે આશીર્વાદ મળ્યા છે જેમ કેલિડોસ્કોપમાં નાના નાના રંગબેરંગી કાચના ટુકડાઓ આપમેળે જ ગોળ ગોળ ફરતાં એક નવીન સુંદર અને રંગ ધરાવતી મનોહર આકૃતિ રચે છે તે જોવાની મજા આવે છે એ જ રીતે મહિલાઓ પણ બહુમુખી પ્રતિભા ધરાવનાર હોય છે. મધર ઈન્ડિયા બનીને મિઝરેબલ વિમેન્સ પુરવાર થનાર મહિલાઓનું માન જાળવતાં શીખવું જોઈએ એ ન ભૂલવું જોઈએ કે પ્રત્યેક માનવીને જન્મ આપનાર એક નારી જ છે એના દ્વારા જ આ વિશ્વમાં અસ્તિત્વ મળ્યું છે આ લેખ 'નારી જગત ને અર્પણ કરતાં આનંદની અનુભૂતિ થાય છે.

અંતમાં : એક કવિના શબ્દો છે, 'જો ભી હો તુમ, ખુદા કી કસમ લાજવાબ હો'

**અસ્તુ.**



દાતા શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)



દાતા શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)



દાતા શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર
(મનમોહનજીની શેરી)



દાતા શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર
(હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)



દાતા શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર
(કુંભારીયા પાડો)



દાતા શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ
(હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંક મહેતાનો પાડો)



શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ
(કપુર મહેતાનો પાડો)



શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ
(હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ) (લખિયારવાડો)

# ગરવારે ક્લબમાં સમેતશિખરજીની યાત્રા - દાતાઓ-યાત્રિકોનું સ્નેહ સંમેલન

ભાવનાની ધરતી, અંતરના સાગરમાં જ્યારે ઉમટે છે ત્યારે ચારે બાજુનું વાતાવરણ પ્રેમ, સ્નેહ અને લાગણીઓથી ભીંજાય છે. આવું જ વાતાવરણ તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ ગરવારે ક્લબ, ચર્ચગેટ ખાતે, બપોરના ૪ થી સાંજના ૬ કલાક સુધીમાં સર્જાયું હતું.

સમ્મેતશિખરજીની ભવ્યાતિભવ્ય યાત્રામાં જોડાનાર ૬૦૦ થી વધારે પુણ્યશાળી યાત્રિકોમાંથી ૩૮૫ યાત્રિકો તથા દાતા પરિવારો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ **શ્રીમતી ભારતીબેન શાહ** તરફથી માંગલિક નવકારમંત્રના પઠન બાદ થયો હતો. શ્રી પાટણ જૈન મંડળના મંત્રી **શ્રી દેવેશભાઈ શાહે** મંચનું સંચાલન સંભાળ્યું હતું. સૌ પ્રથમ ઉપસ્થિત સર્વેનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ **પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહે** સહુનું સ્વાગત કરીને દાતા પરિવારોની અનુમોદના કરીને જે યાત્રિકોએ શિખરજી સાથે અન્ય તીર્થોની યાત્રામાં જોડાયા છે અને આ કાર્યને સફળ બનાવવા તન-મન-ધનથી સહકાર આપી રહ્યા છે. તેઓની પ્રસંશા કરી હતી. **શ્રી દેવેશભાઈ શાહે** શિખરજીની યાત્રાનો **પ્રારંભ તા. ૨૪ ફેબ્રુઆરીથી તા. ૨૯ ફેબ્રુઆરીએ** પાછા આવીશું તેની સંપૂર્ણ ઝીણવટભરી વિગતો આપીને જાણકારી આપી હતી. તેમાં જરૂરી સામગ્રીની કીટ સાથેની જેન્ટસ-લેડીઝ બેગ, ઈન્ડિગો પ્લેન, એર ઈન્ડિયાની વિગતો સાથે બધાને બેચ, ધર્મશાળા, બસોના નંબર, પટના રાંચી વિગેરેથી કરવામાં આવેલી વ્યવસ્થા, ડોલી, તેમજ તીર્થોના નામ **રાજગૃહી, વિરાયતન, ક્ષત્રિયકુંડ, પાવાપુરી, ઋજુવાલિકા, શિખરજી** વિગેરેની માહિતીઓ આપી હતી. આ ઉપરાંત જેઓએ ડોલી મારફત યાત્રા કરવાની હોય તેઓએ રૂા. ૩૦૦૦ વ્યક્તિદીઠ એડવાન્સ જમા કરાવવા **શ્રી જીગરભાઈ, શ્રી મીતેશભાઈ, શ્રી પરાગભાઈ, શ્રી મીલનભાઈ તથા શ્રી હિતેનભાઈનો** સપર્ક સાધવા જણાવ્યુ હતું.

બધાજ **૧૦ દાતા પરિવારોએ રૂા ૧૦.૫૦ લાખની રકમ આપીને સાધર્મિકોને યાત્રા કરાવવાનો લાભ લીધો છે** તે સહુનું સિલ્ક દુપટ્ટા પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. દાતાઓએ પણ આ યાત્રાને સંપૂર્ણ સફળતા મળે અને યાત્રિકો સુખારૂપ યાત્રા કરીને હેમખેમ પરત આવે તેવી શુભભાવના વ્યક્ત કરી હતી.

હોલમાં જ નવ કાઉન્ટરો નંબર ૧ થી નંબર ૯ સુધીના રાખવામાં આવ્યા હતા. ત્યાં સંસ્થાના બધાજ વોલિન્ટિયરોએ યાત્રિકોને આકર્ષક કીટની બેગ ગિફ્ટમાં આપી હતી. કાર્યક્રમના અંતમાં સહુના મુખ પર આનંદ અને પ્રસન્નતાના ભાવ હતા. **શ્રી દેવેશભાઈ શાહે** આભાર વિધિ કરતાં શ્રી પાર્શ્વનાથ ભગવાન અને અધિષ્ઠાપક દેવી પદમાવતીના આશીર્વાદથી આ યાત્રા મંગલકારી બને તેવી ભાવના વ્યકત્ કરી હતી.

દરેકે દરેક વોલિન્ટિયરો, અન્ય કાર્યકરો તેમજ શ્રી પાટણ જૈન મંડળ સંસ્થાના સંપૂર્ણ રાત દિવસના સાથ-સહકાર બદલ તેઓએ આપેલા યોગદાનની કદર કરતા આભાર માન્યો હતો.

શ્રી પાટણ જૈન મંડળના એડમીન સેક્રેટરી **શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ** જેઓ ગરવારે ક્લબના કમિટિ મેમ્બર છે તેઓનું બહુ જ મોટુ યોગદાન થયું હતું. શ્રી પાટણ જૈન મંડળ દ્વારા તેમનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો હતો.

શિખરજીમાં સાધારણ ખાતા માટે ફંડ આપવા અને સંઘપૂજન માટે જેઓની ભાવના હોય તેઓએ ૬૦૦ આત્રિકોની ગણના કરીને યથાશક્તિ લાભ લેવા વિનંતી કરી હતી, તેમજ આ બાબતે નામ-રકમ **શ્રી હિતેનભાઈ સી. શાહ (વિમાવાળા)** ને નામ નોંધાવી, રૂપિયા જમા કરાવવા માટે વિનંતી કરી હતી. શ્રી પાટણ જૈન મંડળ સંસ્થાના બધાજ ઓફિસ સ્ટાફનો આભાર માનવામાં આવ્યો હતો.

Hi Tea સાથે સ્વાદિષ્ટ વાનગીઓનો લાભ લઈને સહુ છૂટા પડયા હતા.




**દાતા શ્રી પંકજભાઈ નેમચંદભાઈ ચુનીલાલ શાહ (પોળની શેરી)**



**દાતા શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)**


B HOUSE




B HOUSE










GARWARE CLUB HOUSE

















# ગરવારે ક્લબમાં સમેતશિખરજી માટે યાત્રિકોને કીટ આપનાર વોલિન્ટિયરો

શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ
શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ
શ્રી ભાવીકભાઈ ભદ્રેશભાઈ શાહ
શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ
શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ
શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ
શ્રી હેમાંગભાઈ કીરીટકુમાર શાહ
શ્રી જયેશભાઈ કુમારપાલ શાહ
શ્રી દિવ્યેશભાઈ ચંપકલાલ શાહ
શ્રી સૌરભભાઈ ચંદ્રકાંત નગરશેઠ
શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ
શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ
શ્રી જિજ્ઞેશભાઈ ગિરીશભાઈ શાહ
શ્રી સુનીલભાઈ રવિન્દ્રભાઈ શાહ

શ્રી પ્રકાશભાઈ ભગવાનદાસ શાહ
શ્રી પ્રિતેશભાઈ કીરીટભાઈ શાહ નંદરબારવાલા
શ્રી અમુલભાઈ પી. શાહ
શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ
શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ
શ્રી વિજયભાઈ નવનીતલાલ શાહ
શ્રી સુનીલભાઈ શશિકાંત ઝવેરી
શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ
શ્રી દિપકભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી મીનાક્ષીબેન મહેન્દ્રભાઈ શાહ
શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ
શ્રી મયુરભાઈ સુરેશચંદ્ર શાહ
શ્રીમતી શીતલબેન ભાવેશભાઈ શાહ
શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ
શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ

શ્રી પ્રિતિબેન નિલેશભાઈ શાહ
શ્રીમતી ધારા નિલેશભાઈ શાહ
શ્રી જીજ્ઞાબેન અનીલભાઈ શાહ
શ્રી રોહન મુકેશભાઈ શાહ
શ્રી નિલયભાઈ નરેન્દ્રભાઈ શાહ
શ્રી મનુભાઈ જોષી
શ્રી જ્ઞાનેશભાઈ લપસીયા
શ્રી બાલચંદ્ર ભટ્ટ
શ્રીમતી સુશીલાબેન પાટડીયા
શ્રી પ્રિયાબેન શાહ
શ્રી જયંતિભાઈ દેસાઈ
શ્રી ધનરાજભાઈ શાહ
શ્રી અભયભાઈ જોષી
શ્રી ભુપેન્દ્રભાઈ શાહ
શ્રી દિપ્તીબેન
શ્રી પવારભાઈ















**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જળપાન**

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

**મેળવો ત્રણ ત્રણ લાભ**

❂ સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન ❂ સાધર્મિક ભક્તિ ❂ મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧

**સૌજન્યઃ મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT










Shree Patan Jain Mandal
Certificate of Merit
Education Merit Award







# શ્રી પાટણ જૈન મંડળ આયોજિત શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી અભ્યાસના વિવિધ સ્ત્રોત અને ક્ષેત્રમાં અનેરી સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને બહુમાન પત્ર, ટ્રોફી તથા રોકડ પુરસ્કાર દ્વારા નવાજવામાં આવે છે. **તા. ૨૧મી જાન્યુઆરીના રોજ શ્રી પાટણ જૈન મંડળ દ્વારા શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટિ હોલ મધ્યે સંસ્થાની શૈક્ષણિક પાંખ દ્વારા વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.** અંગત સંગતના સફળ સંગઠન અને સર્જનયાત્રાના સમર્થ સાર્થી અને પ્રણેતા માનનીય પ્રમુખ **શ્રી દાનેશભાઈ માટલીવાલાના** અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. આ કાર્યક્રમના મુખ્ય **અતિથિ ડૉ. રવિન્દ્ર શીશવે (આઈ. પી. એસ.) કમિશનર ઓફ મુંબઈ (રેલ્વેઝ)** તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક સંબોધનમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે એક નાના ગામડામાં સામાન્ય પરિવારમાં જન્મેલા **ડૉ. શીશવે** સતત મહેનત કરી ઉચ્ચ અભ્યાસ સાથે સ્નાતક થઈ ડૉક્ટરેટ મેળવી UPSE ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ઉચ્ચ હોદ્દા ઉપર કેવી રીત આરૂઢ થયા તેનું ઉદાહરણ આપી સફળ વિદ્યાર્થીઓની પીઠ થાબડી હતી.

સંસ્થાના ડાયનેમિક પ્રમુખ શ્રી દાનેશભાઈએ જણાવ્યું હતું કે, જ્ઞાન સંસ્કાર અને સંસ્કૃતિની જનની છે. પાટણના ઝગમગતા તારલાઓએ માત્ર પાટણ જ નહીં ગુજરાત, ભારત તથા અનેક દેશ વિદેશોમાં નામના મેળવી છે. તેઓશ્રીએ જણાવ્યું હતું કે, **''પાટણના વિદ્યાર્થીઓ અને યુવાધન જેઓ વિદ્યાદેવી માઁ સરસ્વતીના કૃપાપાત્ર છે તેઓને હેમચંદ્રાચાર્યજીના વંશજ તરીકે બિરદાવ્યા હતા.''** સંસ્થાના ગર્વ અને ગૌરવ સમાન લોગો સેવા સહકાર અને સંગઠનને આપણે ખરા અર્થમાં ચરિતાર્થ કર્યો છે.

પાટણનું યુવાધન ઉચ્ચ અભ્યાસાર્થે ભારતના વિવિધ શહેરો પુના, બેંગલોર, ખડકવાસલા, મુંબઈ, બેંગલોર IIT તથા મનાલી ઈન્સ્ટીટ્યુટમાં તથા વિદેશોમાં અમેરિકા, યુ.કે. આયર લેન્ડ, કેનેડા તથા ઓસ્ટ્રેલિયા જવાનું પસંદ કરે છે.

''પાટણનો કોઈપણ વિદ્યાર્થી નબળી આર્થિક પરિસ્થિતિ તથા વિપરિત સમયને કારણે અભ્યાસથી વંચિત ન રહેવો જોઈએ, સંસ્થા તેઓને શક્ય તેટલી સઘળી મદદ કરવા કટિબદ્ધ છે.'' વિદ્યાર્થીઓને તેઓએ જણાવ્યું હતું કે, ''સખત અને સતત મહેનતનો કોઈ પર્યાય નથી.'' સફળતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને લાલબત્તી ધરતાં તેઓએ કહ્યું હતું કે અભિમાન કે અહંમને ન પોષતા વૃક્ષ ઉપર ફળ આવતા તે નમે છે અને વાદળમાં જળ ભરાતા તે વરસી પડે છે. સક્ષમ વિચારોનું વાવેતર હરિયાળી વનરાઈ ઊભી કરી શકે છે અને ઈનોશનનું ડીવોશનમાં રૂપાંતર થાય છે.

આ કાર્યક્રમમાં પ્રમુખ સાહેબે અભ્યાસના વિવિધ સ્ત્રોતમાં ઉચ્ચ ગુણાંક સાથે સફળતા પ્રાપ્ત વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર, ટ્રોફી પુરસ્કારથી નવાજ્યા હતા. સંસ્થાના અન્ય પદાધિકારીઓ **ટ્રસ્ટી શ્રી દીપકભાઈ આર. શાહ, ઉપપ્રમુખશ્રી રોહિતભાઈ એમ. શાહ તથા શ્રી હિતેનભાઈ સી. શાહ** હાજર રહ્યા હતા અને પ્રાસંગિક પ્રવચન આપેલ. વિદ્યાર્થીઓના વાલીઓએ પણ હોંશે હોંશે ભાગ લીધો હતો. એસ.એસ.સી. બોર્ડમાં ઉચ્ચ ક્રમાંક ધરાવનાર **ચિ. કાશ્વીએ** વિદ્યાર્થી મિત્રોને જણાવ્યું હતું કે, ખુબ મહેનત કરો અને પરિણામ ઈશ્વર ઉપર છોડી દો. પ્રમુખશ્રીએ ડોનરોને આગળ આવી વધુ મદદ રૂપ થવા અપીલ કરી હતી. સમાજની વિવિધ ક્ષેત્રે હરણ ફાળને તેઓએ ઈશ્વરીય સંકેત ગણાવ્યો હતો.

સંસ્થાના પ્રથમ **ઉપપ્રમુખ શ્રી જનકભાઈ એ. શાહની** રાહબરી હેઠળ શૈક્ષણિક પાંખના મંત્રીઓ **શ્રી સંદિપભાઈ આર. શાહ, શ્રીમતી જીમ્મીબેન ટી. શાહ તથા શ્રી નિખીલભાઈ એમ. શાહની** સેવાઓને બિરદાવતા પ્રમુખશ્રીએ ધન્યવાદ આપ્યા હતા. મુંબઈમાં મેરેથોન હોવા છતાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓ વાલીઓ તથા આમંત્રિતોએ પધારીને આ સમારોહની શાનમાં વૃદ્ધિ કરી હતી.












LOS ANGELES





















# EDUCATIONAL PRIZE

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| | S.S.C. / I.C.S.E. / C.B.S.E. / IGCSE / Std. 10TH | | | | |
| | Smt. Smitaben Vikramkumar Dawavala Marriage Prize | | | | |
| | Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize | | | | |
| | Shri Harshit Bharatkumar Shah Science Prize | | | | |
| | Smt. Mrudulaben Navinchandra Dawavala Maths Prize | | | | |
| 1 | Darshil Keyur Shah | ICSE | 99.40% | Vakhatjini Sheri | Tardeo |
| | 1st Highest In Std. 10th | | | | |
| | Highest Marks in Gujarati Subject (99/100) | | | | |
| | Highest Marks in Science Subject (99/100) | | | | |
| | Highest Marks in Maths Subject (100/100) | | | | |
| | Shri Halabhai Maganlal Girls Student Prize | | | | |
| | Shri Mohanlal Sakarchand Prize | | | | |
| 2 | Nishka Rakesh Shah | ICSE | 99.20% | Kokano Pado | Goregaon |
| | 1st Highest In Std. 10th Girls Student | | | | |
| | 2nd Highest In Std. 10th | | | | |
| | Highest Marks in Gujarati Subject (99/100) | | | | |
| | Highest Marks in Science Subject (99/100) | | | | |
| | Highest Marks in English Subject (99/100) | | | | |
| | Shri Harshit Bharatkumar Shah Science Prize | | | | |
| 3 | Nidhi Jignesh Shah | CBSE | 97.40% | Maniyati Pado | Borivali |
| | Highest Marks in English Subject (99/100) | | | | |
| | Shree Patan Jain Mandal Merit Prize | | | | |
| | Smt. Mrudulaben Navinchandra Dawavala Maths Prize | | | | |
| 4 | Sayaan Kartik Jhaveri | ICSE | 97.20% | Manmohanjini Sheri | Marine Drive |
| 5 | Smit Samir Shah | ICSE | 96.40% | Dhandher Wado | Mira Road |
| | Highest Marks in Maths Subject (100/100) | | | | |
| | Shree Patan Jain Mandal Merit Prize | | | | |
| | Shree Patan Jain Mandal Merit Prize | | | | |
| 6 | Jiya Bhavin Shah | ICSE | 98.60% | Vakhatjini Sheri | Marine Drive |
| 7 | Kavya Hardik Shah | ICSE | 97.60% | Mallatno Pado | Malad |
| 8 | Aamanya Paulin Shah | ICSE | 97.40% | Vakhatjini Sheri | Goregaon |
| 9 | Kevin Niral Shah | ICSE | 96.60% | Sanghavi No Pado | Kandivali |
| 10 | Vihaan Samir Kapadia | CBSE | 96.20% | Dank Mehta No Pado | Goregaon |
| 11 | Hiya Hemang Shah | ICSE | 96.20% | Mallatno Pado | Kandivali |
| 12 | Jash Nirav Shah | ICSE | 96.00% | Keshuseth No Pado | Vile Parle |
| 13 | Aarush Vipul Shah | SSC | 95.60% | Mahalaxmi Mata No Pado | Ghatkopar |
| 14 | Neev Vaibhav Shah | ICSE | 95.00% | Keshuseth No Pado | Vile Parle |
| 15 | Devame Himanshu Shah | CBSE | 95.00% | Vasa Wado | Borivali |
| 16 | Priya Nitin Shah | ICSE | 94.80% | Keshuseth No Pado | Andheri |
| 17 | Maanya Ritesh Shah | CBSE | 94.80% | Marfatiyamehta No Pado | Vadodara |
| 18 | Hitanshi Vikram Shah | CBSE | 94.60% | Kapoormehta No Pado | Andheri |
| 19 | Riva Shilpesh Vora | CBSE | 93.20% | Lakhiyar Wado | Walkeshwar |
| 20 | Mahir Amish Shah | IGCSE | 92.67% | Limdino Pado | Mumbai |
| 21 | Aashni Pallav Shah | IGCSE | 92.33% | Chaudheri Ni Sheri | Marine Drive |
| 22 | Palak Chirag Shah | ICSE | 90.80% | Abjimehta No Pado | Marine Drive |

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| 23 | Pahal Chirag Shah | ICSE | 90.60% | Abjimehta No Pado | Marine Drive |
| 24 | Keya Vishal Shah | ICSE | 90.60% | Limdino Pado | Goregaon |
| 25 | Vardhan Ashish Shah | IGCSE | 89.33% | Kasumbia Wado | Borivali |
| 26 | Shrey Abhay Shah | ICSE | 89.00% | Shantinath Ni Pole | Vile Parle |
| 27 | Aarushi Punit Shah | ICSE | 88.20% | Vakhatjini Sheri | Marine Drive |
| 28 | Diya Dhairav Shah | CBSE | 88.20% | Vakhar No Pado | Walkeshwar |
| 29 | Tisha Neha Shah | SSC | 83.20% | Kapoormehta No Pado | Mumbai |
| 30 | Prasham Dany Shah | SSC | 82.67% | Zaveri Wado | Navsari |
| 31 | Dharmik Tejas Shah | SSC | 78.60% | Pole Ni Sheri | Kandivali |
| 32 | Priyal Vishal Shah | SSC | 77.60% | Vasa Wado | Dahisar |

## HSC Science

**Shri Sevantilal Kantilal Trust Prize**
**Shri Pravinchandra Chimanlal Kilachand Jhaveri Science Prize**

**Shri Mrudulaben Navinchandra Dawavala Maths Prize**

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| 33 | Dhruv Sanjay Jain | CBSE | 95.00% | Maniyati Pado | Chhattisgarh |

1st Highest Marks Std. 12th Science
Highest Marks in Science Subject (98.50%)
Highest Marks in Maths Subject (99.00%)

**Shri Nipun Kapurchand Sonawala Prize**

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| 34 | Nainil Khemendra Shah | HSC | 82.67% | Shantinath Ni Pole | Bhayandar |

**2nd Highest Marks Std. 12th Science**

## HSC Commerce

**Shri Yashwadan J. Choksi Prize (First Prize)**
**Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize**

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| 35 | Kashish Kerul Jhaveri | HSC | 95.83% | Kesuseth No Pado | Ghatkopar |

1st Highest Marks Std. 12th Commerce
Highest Marks in Maths Subject (99/100)

**Shri Yashwadan Jeshinglal Chokshi Prize**
**Kum. Khushboo Kartik Navinchandra Shah Account Prize**

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| 36 | Manav Rajeev Shah | HSC | 95.00% | Kanasano Pado | Opera Hous |

2nd Highest Marks Std. 12th Commerce
Highest Marks in Account/Book Keeping Subject (99/100)

**Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize**
**Kum. Khushboo Kartik Navinchandra Shah Account Prize**

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| 37 | Deepam Jignesh Shah | HSC | 91.67% | Kokano Pado | Goregaon |

Highest Marks in Maths Subject (99/100)
Highest Marks in Account/Book Keeping Subject (99/100)

**Shree Patan Jain Mandal Merit Prize**

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| 38 | Shanay Amish Jhaveri | ICSE | 94.40% | Shamlaji Ni Sheri | Walkeshwar |
| 39 | Niyati Hitesh Shah | HSC | 92.16% | Nishal No Pado | Mira Road |
| 40 | Param Dipen Shah | HSC | 91.16% | Limdino Pado | Borivali |
| 41 | Tanisha Sheetal Shah | HSC | 85.67% | Chaudheri Ni Sheri | Vile Parle |
| 42 | Vansh Bhavin Bhankharia | HSC | 83.00% | Chaudheri Ni Sheri | Mumbai |

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| **B.COM** | | | | | |
| | **Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B. COM Prize** | | | | |
| 43 | Labdhi Pradip Jain | "SGPA - | 9.34 (A Grade)" | Maniyati Pado | Shirpur |
| | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | |
| 44 | Pritesh Pradip Jain | "SGPA - | 8.50(A Grade)" | Maniyati Pado | Shirpur |
| 45 | Sakshi Kalpesh Shah | B.COM | 84.33% | Kasumbiya Wado | Borivali |
| 46 | Kenil Parag Shah | B.COM | 78.00% | Vasa Wado | Vadodara |
| 47 | Vatsal Hemang Shah | B.COM | 72.33% | Mallatno Pado | Kandivali |
| **B.SC** | | | | | |
| | **Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Sc. Prize** | | | | |
| 48 | Pranavi Punit Shah | B.SC | 70.00% | Vakhatjini Sheri | Marine Drive |
| **B. Pharm** | | | | | |
| | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | |
| 49 | Ishan Sandeep Shah | Bachelor of Pharmacy | 74.18% | Dhandher Wado | Mumbai |
| **Bachelor of Banking and Insurance** | | | | | |
| | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | |
| 50 | Jash Rajiv Shah | | 75.67% | Shantinath Ni Sheri" | Mumbai |
| **Bachelor of Architecture** | | | | | |
| **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 51 | Riddhi Sanjay Shah | "CGPI - 9.11, SGPI - 9.92" | | Ajitnath Ni Pole | Borivali |
| **Engineering Courses** | | | | | |
| | **"Shri Keshavlal Kilachand Charitable Trust for Medical Science Post Graduate Merit Scholarship (Rs. 10,000)"** | | | | |
| | **Smt. Chandanben Maneklal Bhikhachand Prize** | | | | |
| 52 | Ashvi Sanjay Jain | "First Rank In all Four Years & B.Tech Pharmaceutical Chemistry & Engineering - Gold Medal in Final Year" - | | Maniyati Pado | Chhattisgarh |
| | **Shri Hitenbhai Pravinchandra Jhaveri Engineering Prize** | | | | |
| | **Highest Marks in Any Faculty of Engineering** | | | | |
| 53 | Divya Vipul Shah | B.E.- Production Engineering | 95.00% | Maniyati Pado | Marine Drive |
| **Shri Hasmukhbhai Balubhai Shah Engineering Prize** | | | | | |
| 54 | Kunal Bhavin Shah | B.VOC & Bachelor of Computer Science | "93.90% & 89.17%" | Khajuri No Pado | Mumbai |
| **M.S. (Any Faculty)** | | | | | |
| | **Smt. Maltiben Shripalbhai Zaveri** | | | | |
| 55 | Dr. Sneha Tushar Shah | P.G. MS Ophthalmology | 68.80% | Vakhatjini Sheri | Goregaon |
| **Medical Courses M.B.B.S. (Final)** | | | | | |
| | **Dr. Vijay Jayantilal Patani Medical Prize** | | | | |
| 56 | Dr. Mit Ketan Shah | Bachelor of Medicine & Bachelor of Surgery | 66.69% | Khadakhtdi No Pado | Goregaon |

| Sr No. | Name | Std. | % | Mahollo | Resident |
|---|---|---|---|---|---|
| **M.D. (General Medicine)** | | | | | |
| | Dr. Jayantilal Chandulal Shroff Memorial Medical Prize | | | | |
| 57 | Harshit Tushar Zaveri | MD in Pharmacology | 65.75% | Kokano Pado | Vile Parle |
| **M.D.S. (Dentist)** | | | | | |
| | Smt. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | | | | |
| 58 | Dr. Khushali K Shah | M.D.S. Prosthodontics | 81.82% | Maniyati Pado | Chennai |
| **C.A.** | | | | | |
| | Shri Mafatlal (Babubhai) Laxmichand Shah | | | | |
| 59 | Mumuksha Pradyot Shah | C.A. | 57.25% | khadakotdi No Pado | Kandivali |
| | Shree Patan Jain Mandal Merit Prize | | | | |
| 60 | Dhruv Shreyas Shah | C. A. | - | Tamboli Wado | Vile Parle |
| **Post Graduation (Diploma Course)** | | | | | |
| | Shree Gulabchand Manilal Shah Diploma Management Prize | | | | |
| 61 | Raashi Jignesh Shah | "Post Graduate Diploma in Management - Business Design" | 83.40% | Kokano Pado | Goregaon |
| **Religious Study** | | | | | |
| | Smt. Taraben Manilal Gabhruchand Shah Dharmik Prize | | | | |
| 62 | Bhavnaben Milanbhai Shah - Std. 17 | Annual Religious Exam | 82.00% | Kokano Pado | Malad |
| | Shree Patan Jain Mandal Merit Prize | | | | |
| 63 | Nehaben Aashishbhai Shah - Std. 15 | Annual Religious Exam | 86.00% | Kasumbia Wado | Borivali |
| | Shree Patan Jain Mandal Merit Prize | | | | |
| 64 | Neetika Nainesh Shah | B. Arch | First Class | Chitara Ni Khadki | Chennai |
| 65 | Nivedaa Nainesh Shah | B. Arch | First Class | Chitara Ni Khadki | Chennai |
| 66 | Devanshi Tushar Zaveri | Diploma in Mass Communication Studies | Grade A | Kokano Pado | Vile Parle |
| 67 | Friya Vishal Shah | BA Fashion | Grade A | Limdino Pado | Goregaon |
| 68 | Krish Nirav Shah | "Academic Excellence Award in IB Diploma Programme Examination" | 91.11% | Fofaliya Wado | Mumbai |
| 69 | Charmi Tejas Shah | Bachelor of Legal Science | 88.80% | Pole Ni Sheri | Kandivali |
| 70 | Urmi Deven Shah | Occupational Therapy Course Completed | 73.88% | Limdino Pado | Kandivali |
| 71 | Priya Vikram Shah | MA The Art of Computer Animation | 72.50% | Pole Ni Sheri | Vile Parle |
| 72 | Pranjal Jatin Shah | M.COM | 62.75% | Khadakotdi No Pado | Jogeshwari |
| 73 | Aayushi Ketan Shah | M.COM | 62.50% | Abjimehta No Pado | Ahmedabad |
| 74 | Mahima Nikesh Sanghavi | L.L.B. | 57.80% | Khetarvasi No Pado | Dahisar |
| 75 | Romin Jatin Shah | Chartered Financial Analyst Leval 3 Cleared | | Fof Vakhatji Ni Sheri | Andheri |



# સ્વાગત કરીએ...
# વસંત પંચમીનું... સારસ્વતોત્સવનું

કવિ ન્હાનાલાલે વસંત માટે ખૂબ સુંદર કાવ્ય લખ્યું છે.

**આ વસંત ખીલે શત પાંખડીએ... હરિ આવોને...**
**આ સૃષ્ટિએ ધરિયા સોહાગ... હરિ આવોને...**

વસંતાગમન સાથે જ સમગ્ર વસુંધરા અંગાગે અવનવા રંગો ધારણ કરી નાચી ઊઠે છે. એ નર્તનના ભીના ભીના સંસ્પર્શથી માનવહૈયું પણ અવનવી ઊર્મિઓના પરિસ્પંદન અનુભવે છે. ઉગમણી દિશાએ ઉગતી ઉષાને કે વનમાં ખીલતા પુષ્પોને કહેવું નથી પડતું કે 'વસંત આવી રહી છે.' કુમકુમ, કરેણ ને સોનચંપો, ગુલાબ, મોગરો ને જુઈ, કેતકી ને રજનીગંધા ક્યારનાંય વસંતની પ્રતિક્ષામાં રહે છે. વસંત એટલે જ મધમધતા પુષ્પોનો ગુલદસ્તો પુષ્પોની કળીઓ મનમૂકીને ખીલી ઊઠે છે તો કોયલ રાણીનું શું ? મીઠી મજાની આંબાની સોડમ લેતી, મસ્ત બનીને આંબાડાળે ઝૂલતી. પંચમસૂરમાં મીઠા મધુરા ટહુકા કરતી ગીતો લલકારે છે. વસંત પંચમી તો વસુંધરાનો સોહાગ છે. વૈભવ છે. પ્રકૃતિનો યૌવનકાળ એટલે જ વસંત પંચમી ઋતુઓની રાણી એ જ વસંત.

પરંતુ કમનસીબી એ છે કે શહેર સાથે અડાબીડ જંગલો, મોટા મોટા ટાવરોમાં સંપૂર્ણ આધુનિકતાથી સજ્જ થઈ રહેતા માનવી વસંતઋતુ આવી એ જ ખબર નથી અને ક્યારે વિદાય થઈ ગઈ તે પણ જાણ નથી રહેતી. તો વસંતના વરૂણાગીપણાનો ખ્યાલ આંતરમન ક્યાંથી મેળવી શકે ?

વાંચક મિત્રો ! આપ સૌ એ તો જાણો છો ને કે મહા સુદ પાંચમ એ જ વસંત પંચમીનું પર્વ છે. માતા સરસ્વતીની, મા શારદાનવાણીની દેવીમાં ભારતીની પૂજાનું અનોખું ધ્યાન, સાધના, આરાધના આ જ દિવસથી શરૂ થવાનો મહિમા માત્ર ભારતમાં જ નહીં પણ સમગ્ર વિશ્વની પ્રજા માને છે. વસંત પંચમી ભારતીય સંસ્કૃતિમાં સારસ્વતોત્સવનાં રૂપે મનાય છે. પહેલાના જમાનામાં શ્વેત વસ્ત્રો ધારિણી માતા સરસ્વતીનું પૂજન કરી, નાના બાળકોને શાળામાં ભણવા મૂકતા. અનેક સંત મહાત્માઓએ આ દિવસ સૅંધના, ઉપાસના કરતાં જીવન ધન્યતમ બનાવ્યું.

હિંદુ ધર્મમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને જણાવ્યું છે કે, શિક્ષણ અને જ્ઞાન દ્વારા માણસના જીવનપથ પર વિચારના સામ્રાજ્યનો પ્રભાવ રહે છે. એક માત્ર સારો વિચાર વિશ્વનો નકશો બદલવા પૂરતો છે અને એક સારો વિચાર ઈતિહાસ બદલવી શકે છે. માણસને સદમાર્ગે લઈ જઈ અનેક સિદ્ધિઓ અપાવે છે તેથી અનેક સત્શાસ્ત્રોનું દોહન કરીને જગતના હિતાર્થે સર્વ જીવ હિતાવહ શિક્ષાપત્રી રચી છે, જે માણસો નિત્ય વાંચે તેનામાં દિવ્ય શક્તિનો સંચાર થાય છે.

વિદ્યાભ્યાસમાં ખૂબ જ હોશિયાર એવો અતિશ્રીમંત ઘરનો નવયુવક કોલેજના અંતિમ વરસની પરીક્ષાની તૈયારી ખૂબજ સારી રીતે કરી રહ્યો હતો. એના પિતા ધનવાન અને પ્રતિષ્ઠિત ઉદ્યોગ પતિ હતા. છોકરો પણ ભણવામાં ખૂબજ તેજસ્વી હતો.

એક દિવસ એના પિતાએ પૂછ્યું કે પરીક્ષાની તૈયારીઓ કેવી ચાલે છે ? ત્યારે દીકરાએ જવાબ આપ્યો કે, ખૂબ જ સરસ અને કદાચ યુનિવર્સિટીમાં મારો પ્રતમ નંબર આવી જાય તો પણ નવાઈ નહીં. તેના પિતા આ સાંભળીને ખુશખુશાલ થઈ ગયા. થોડીવાર પછી એ યુવકે ફરી પૂછ્યુ કે, પિતાજી, જો મારો પ્રથમ નંબર આવે તો હોન્ડાની નવી સ્પોર્ટસ કાર મને ભેટમાં આપશો ને ! પિતા હા પાડી. એમના માટે તો આવી કારની ખરીદી એ રમતવાત હતી. પેલો યુવક ખૂબ રાજી થઈ ગયો એનો વાંચવાનો ઉત્સાહ અનેકગણો વધી ગયો.

આ પ્રમાણે જ એની પરીક્ષા ખૂબ જ સરસ રહી અને તે પ્રથમ નંબરે આવ્યો છે. એવી જાણ થતાં જ એણે કોલેજ પરથી પોતાના પિતાને ફોન કરી દીધો અને પોતે ભેટમાં માંગેલી હોન્ડાની યાદ અપાવી. પોતાના બંગલાના આગણમાં ગોઠવાયેલી સ્પોર્ટ્સ કાર ક્યાંય દેખાઈ નહીં. એ થોડોક નિરાશ અને ઉદાસ થઈ ગયો. કદાચ કારની ડિલીવરી પછી લેવાની હશે. એમ વિચારીને એ ઘરમાં દાખલ થયો. એ પિતાજીના રૂમમાં પહોંચ્યો એનાં આવતા જ એમણે ઊભા થઈ એ પુત્રને ગળે વળગાડયો. પછી સુંદર કાગળમાં વીંટેલું એક નાનકડું બોક્સ એને આપીને કહ્યું, 'દીકરા, આમ જ આગળ વધતો રહે એવા મારા આશીર્વાદ છે. આ બે તારા માટે મારા તરફથી ઉત્તમ ભેટ !

પિતાના ગયા પછી દીકરાએ બોક્સ ખોલ્યું. જોયું તો એમાં પાકા પૂંઠાવાળું સોનેરી અક્ષરોથી લખાયેલું ધાર્મિક પુસ્તક હતું. પુસ્તકને બન્ને હાથમાં પકડીને એ વિચારમાં પડી ગયો. એની લાગણીઓ દુભાઈ. અઢળક શ્રીમંત હોવા છતાં તેના પિતાએ તેની માંગણી પૂરી ન કરી તેનું દુઃખ થયું. તરત જ એક કાગળ લીધો અને લખ્યું કે, 'પિતાજી, સ્પોર્ટ્સ કારને બદલે તમે મને માત્ર એક ધાર્મિક પુસ્તક જ આપ્યું છે. હું ઘર છોડીને જાઉં છું. જ્યારે તમારા જેવો શ્રીમંત બની જઈશ. ત્યારેજ તમને મોં બતાવીશ પ્રણામ. કાગળ ટેબલ પર પડેલા પુસ્તક પર મૂકીને ઘર છોડીને ચાલી ગયો. સમય જતાં તે યુવક એક સફળ બિઝનેસમેન બની ગયો. લગ્ન કર્યા અને સુંદર મજાના પોતાના એપાર્ટમેન્ટમાં રહેવા લાગ્યો.

ક્યારેક તેના પ્રેમાળ પિતાની યાદ તેને સતાવતી. પણ પિતાની કંજૂસાઈ ભર્યા ચહેરો દેખાતો. સમયના વહેતા પ્રવાહ સાથે પિતાની

યાદ વધારે સતાવતી. આખરે એકવાર પિતાના ખબર-અંતર પુછવા ઘરે ફોન કર્યો ત્યારે નોકરે જવાબ આપ્યો કે, 'સાહેબ તો અઠવાડિયા પહેલાંજ અવસાન પામ્યા છે. પણ તમારું સરનામું અને ફોન નંબર કંઈજ ન હોવાથી તમને જણાવી શક્યા નથી. પરંતુ મરતા સુધી તમને યાદ કરતાં રડતાં હતાં. અને કહેલું કે મારા દીકરાનો જ્યારે પણ ફોન આવે કે રૂબરૂ આવે તો મારો સંપૂર્ણ કારોબાર એને સંભાળવા કહેજો.

યુવક પોતાની પત્ની સાથે ભાર હૃદયે પોતાના વતન પાછો ફર્યો. ઘરે આવીને સીધો જ એ પોતાના પિતાના રૂમમાં ગયો. પિતાની તસ્વીર પાસે તેની આંખો વરસી પડી. એવામાં એની નજર પિતાના ટેબલ પર પડેલાં પેલા ધાર્મિક પુસ્તક પર ગઈ. સહજભાવે યુવકે પ્રથમ પાનું ખોલ્યું : પ્રથમ પાનાં પર જ એના પિતાએ લખ્યું હતું કે, હે ભગવાન! મારા દીકરા જેવા ઉત્તમ સંતાનને ભેટ કઈ રીતે આપવી તે તું મને શિખવાડજે. એણે માંગેલી વસ્તુઓ સાથે એને ઉત્તમ સંસ્કારોને વારસો પણ આપી શકું એવું કરજે.

એ યુવકને આજે પોતાના પિતાએ લખેલા આ શબ્દો ધાર્મિક પુસ્તકના શબ્દો જેટલાં જ મહાન લાગ્યા. એ શબ્દોને મસ્તકે ચડાવવા માટે જ્યાં એણે હાથમાં અદ્ધર કર્યું. ત્યાંજ પુસ્તકનાં પાનાઓ વચ્ચે ક્યાંક છૂપાયેલું એક નાનકડું કવર નીચે જમીન પર પડ્યું. પેલા યુવાને એ કવર ખોલ્યું. એમાં હોન્ડા સ્પોર્ટ્સ કારની ચાવી અને સંપૂર્ણ ચૂકતે લખેલું શો-રૂમનું બિલ હતું. એના પર પ્રથમ નંબરે પાસ થઈને આવ્યો હતો. એજ દિવસની તારીખ પણ હતી. એના મનમાંથી પિતાજી માટેની બધી જ કડવાશ દૂર થઈ ગઈ. હૃદય ફાટી જાય એટલું બધું ધ્રુસકે રડી પડ્યો. જીવનભર એ પસ્તાતો રહ્યો, પણ હવે શું ?

મિત્રો ! આ ઘરઘરની કહાની છે. આપણું જીવન બરાબર ન થઈ જાય એટલા માટે સાવધાન થઈ જાવ. વસંત પંચમીના શુભ દિવસે જરૂરથી માતા સરસ્વતીનાં ચરણોમાં બેસી, તેમની કૃપા મેળવવાનો પ્રયત્ન કરીએ. તેમની પૂજા-અર્ચના કરતાં કરતા સ્વના સુખ સાથે સર્વના સુખ માટે પ્રાર્થના કરીએ વસંત પંચમીએ વધાવી સારસ્વતોત્સવની ઉમંગભેર સૅંધના-આરાધના-જપ કરીને ઉજવણી કરીએ.

**હર તરફ હો રોશની, મુઝે જ્ઞાન એસા ચાહિએ।**
**બુજે દીપક જલ સકે, મુજે રાગ એસા ચાહિએ।।**
**એક શબ્દ મેં સાગર સમેટું, એક પંક્તિ મે બ્રહ્માંડ હો।**
**હે ભગવતી માઁ શારદે ! મુઝે વરદાન એસા ચાહિએ।।**
**હંસવાહિની.. વીણા ધારિણી.. તમહારિણી.. ભવતારિણી.. શ્વેતવસ્ત્રધારિણી ભગવતી મા સરસ્વતીને વંદના.**

**અસ્તુ.**

❑ **ભારતી બી. શાહ**

## મદદ કરવામાં વધુ આનંદ

એક ગામની શાળાના વિદ્યાર્થીઓને શહેરની બહાર ફરવા માટે શિક્ષક લઈને ગયા હતા. ગામની ભાગોળે એક તળાવ હતું તેમાં એક ગરીબ વ્યક્તિ સ્નાન કરતી હતી. તળાવના કિનારા પરની રેતીમાં તેના જીર્ણ શીર્ણ વસ્ત્રો અને ચંપલ પડ્યા હતા.

વિદ્યાર્થીઓને આ ગરીબ વ્યક્તિની મજાક ઉડાડવાનો વિચાર આવ્યો. એક વિદ્યાર્થીઓ કહ્યું: 'આપણે એના કપડા સંતાડી દઈએ અને પછી જોઈએ કે આ વ્યક્તિ શું કરે છે? આપણે એની સાથે મસ્તી કરીએ, બહુ મજા આવશે.

વિદ્યાર્થીઓની આ વાત એમના શિક્ષકને ગમી નહીં તેમના મુખ પર નારાજગીની રેખાઓ અંકિત થઈ. એમણે કહ્યું: 'તમારે આ વ્યક્તિની મજાક ઉડાડવી જ છે ને? તો હું કહું એમ કરો. તમે ચૂપકીથી એના વસ્ત્રોમાં આ ૧૦૦ રૂપિયાની નોટ મુકી આવો. એમ કહીને શિક્ષકે પોતાના ખીસામાંથી ૧૦૦ રૂની નોટ કાઢી વિદ્યાર્થીને આપી.

વિદ્યાર્થીઓએ શિક્ષકે જે કહ્યું તેમ કર્યું.

થોડીક વાર રહી એ માણસ સ્નાન કરીને બહાર આવ્યો, જેવા વસ્ત્રો હાથમાં લીધા તો તેમાંથી ૧૦૦ રૂપિયાની નોટ મળી તે આશ્ચર્યથી આજુબાજુ જોવા લાગ્યો પણ એને કાંઈ સમજ ન પડી.

ભીની આંખે એણે આકાશ સામે જોયું અને બે હાથ જોડીને મોટા સાદે બોલી ઉઠ્યો, 'હે મારા વ્હાલા ભગવાન! તારી અપરંપાર કરૂણા અને દયા મારા પર વરસી ગઈ છે. હું ચિંતામાં જ હતો કે આજે મારા બાળકોને, મારી પત્નીને હું કાંઈ ખાવા આપી શકીશ કે નહીં? મારી બિમાર પત્ની માટે દવા ખરીદી શકશે કે નહીં? જેણે પણ આ રૂપિયા મુક્યા છે તેનો ખૂબ ખૂબ ઉપકાર માનું છું. આભાર માનું છું હે ભગવાન બસ! આજે મને તારી કૃપાનો પરિચય થઈ ગયો છે.

થોડાક જ નજીકમાં ઉભેલા વિદ્યાર્થીઓ તો આ સાંભળીને લાગણીશીલ થઈ ગયા. તેઓના હૃદયમાં અનુકંપાના ભાવ જાગ્યા. બધા વિદ્યાર્થીઓએ પોતાના પાકીટમાંથી બીજા રૂપિયા કાઢી તે વ્યક્તિના હાથમાં મુકતાં દિલમાં પ્રસન્નતાનો ભાવ અનુભવ્યો એમને જીવનનો એક મહત્વનો સંદેશ મળી ગયો કે બીજાને તકલીફ આપવા કરતા તેમને મદદ કરવામાં વધારે આનંદ મળે છે.

# બોરીવલી - દહીસર પાટણ જૈન મિત્ર મંડળ - ક્રિકેટ મેચ




**તા. ૪ ફેબ્રુઆરી - રવિવારના સાંજે બોરીવલી વેસ્ટ ખાતે લિમીટેડ ઓવર ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન** સંપન્ન થયું હતું. કુલ ૭૨ યુવકો અને ૪૪ યુવતીઓ સહિત ૧૧૬ ખેલાડીઓ સાથે કુલ ૮ યુવક ટીમ તથા ૪ યુવતીઓની ટીમ મેચ રમવા મેદાનમાં ઉતરી હતી. ખુબજ ખેલદીલી પૂર્વક રમાયેલી ભારે રસાકસી ભરી, ઉત્તેજના પૂર્વક રમાયેલી આ ટુર્નામેન્ટની આખરે લેડીઝ તથા જેન્ટ્સની વિજેતાટીમ તથા રનર્સ અપ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. બોરીવલી - દહીસરમાં વસતા પાટણના ૩૫૦ થી ૪૦૦ વ્યક્તિઓએ ઉપસ્થિત રહીને તાળીઓના ગડગડાટ સાથે મેચને વધાવી હતી.

મિત્રમંડળના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ તથા સેક્રેટરી શ્રી મયુરભાઈ શાહ તથા શ્રી જીગરભાઈ શાહ અને અન્ય હોદ્દેદારો દ્વારા ઉપસ્થિત મહેમાનોનું તથા મેચના ડોનરોનું મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી પાટણ જૈન મંડળના માનનીય **પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ સી. શાહ** તેમજ કાંદિવલી તથા ગોરેગામ મિત્રમંડળના હોદ્દેદારો દ્વારા વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.









## અભિનંદન

પાટણના ભાભાનો પાડો શ્રી ગુણવંતલાલ મણિલાલ શાહના પુત્રી **ચિ. સેજલબેન** SNDT College, Churchgate, Mumbai માં અભ્યાસ કરે છે. હાલમાં તેઓને **Ph.D** ની ડીગ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે, તેઓએ **''મુનિ જિનવિજયજી સંપાદિત પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ – એક અધ્યયન''** વિષય સાથે ગુજરાતી સાહિત્ય **જૈનીસમમાં Doctorate** કરેલ છે તે બદલ હાર્દિક અભિનંદન.



શ્રી પાટણ જૈન મંડળને જણાવતાં હર્ષ થાય છે કે આપણા સમાજનાં **શ્રીમતી જસ્મીનબેન નેલેશભાઈ શાહ** (શાંતિનાથની પોળ) હાલ ઘાટકોપર, મુંબઈ નિવાસીનો કાવ્ય સંગ્રહ **'સ્હેલું ક્યાંથી હોય'**, ગુજરાતી અનુસ્નાતક વિભાગ, એસ.એન.ડી.ટી. મહિલા વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત, તા. ૪ નવેમ્બર ૨૦૨૩ના રોજ શર્મિષ્ઠાબેન લલિતકુમાર નગરશેઠ, કવિ શ્રી શૈલ પાલનપુરી અને કવિ શ્રી ભાવેશ શાહ 'શહેરી' ના હસ્તે પ્રગટ કરવામાં આવ્યો છે. હાર્દિક અભિનંદનસહ જસ્મીનબેનની ગઝલ અને કાવ્યસર્જનની સાહિત્ય સફર સતત નવા મુકામ સર કરે એવી શુભકામઓ !

## સંસ્થા સમાચાર

### પાટણ પાંજરાપોળ, પાટણ

દર વર્ષની જેમ આ વર્ષે પણ પાટણ પાંજરાપોળ દ્વારા ખલીપુર ખાતે વર્ષ દરમ્યાન ઘાસના દાતાઓનું સન્માન તા. ૨૪ ડિસેમ્બર ૨૦૨૩ને રવિવારે કરવામાં આવ્યું હતું. આ વખતે પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ** સમારંભના અધ્યક્ષ સ્થાને હતા. આ સમારોહમાં રાજકીય આગેવાનો સ્થાનિક ધાર્મિક નેતાઓ તથા પાટણ નગરપાલિકાના પ્રમુખશ્રી ખાસ પધાર્યા હતા. ૫૦ થી વધુ ઘાસના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખ સ્થાનેથી **શ્રી દાનેશભાઇએ** જીવદયા પર પ્રવર્ચન આપ્યું હતું. ખલીપુર ખાતે આઈ.સી.યુ. યુનીટનું નૂતનીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં નીચે જણાવેલ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

**(૧) પ્રદીપકુમાર રમણલાલ, (૨) દીનેશભાઈ શાંતિલાલ, (૩) ભારતભાઈ બાબુભાઈ, (૪) શારદાબેન રસિકલાલ નગરશેઠ**
**(૫) શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ પરિવાર**

આ પ્રસંગે પાટણ પાંજરાપોળના સ્થાનિક **શ્રી ધીરુભાઈ શાહે** સમારંભનું સંચાલન કર્યું હતું. સંસ્થાના **મંત્રીશ્રી દીપકભાઈ શાહે** પાંજરાપોળની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. મુંબઈથી **શ્રી નિખીલભાઈ, શ્રી હિતેશભાઈ** તથા અમદાવાદથી શ્રી સતીષભાઈ શાહ ખાસ પધાર્યા હતા. શ્રી પાટણ જૈન મંડળના **શ્રી જ્ઞાનેશભાઈએ** પણ જીવદયા પર સુંદર પ્રવર્ચન આપ્યું હતું. અંતમાં આ પ્રસંગ જમણવાર પણ રાખવામાં આવ્યો હતો.

'શુભ સમાચાર' **શ્રી ભુપેન્દ્રભાઈ મફતલાલ CA**-(ચોધરીની શેરી) તેની અપેક્ષા સાથે આ કાર્યમાં ટ્રસ્ટીઓ તથા મેનેજીંગ કમિટીનો પણ સાથ અને સહકાર મળ્યો હતો. હાલ વિલેપાર્લા તથા પાટણ ખાતેની ટીમ દ્વારા શ્રી પાટણ પાંજરાપોળ ભૈરવ પાસેની જગામાં અગાઉના ચોકીયાત કાળુજીના ત્રણ દીકરા ઘણા સમયથી રહેણાક કરી રહેતા હતા, જે ખાલી કરતા ન હતા **શ્રી ભુપેન્દ્રભાઈએ તથા ધીરુભાઈ પી. શાહ** પાટણ મહેનત કરી આ રહેણાંક ખાલી કરાવી પાંજરાપોળને કબજો સુપ્રત કરાવેલ જે બદલ અભિનંદન સાથે અનુમોદના. ભવિષ્યમાં પણ શ્રી પાટણ પાંજરાપોળને આવી જ સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

આ કાર્યમાં ટ્રસ્ટીશ્રીએ તથા મેનેજીંગ કમિટિના સભ્યોનો પણ સાથ સહકાર મળ્યો હતો.

> Heven is here on should have ambition and desire  for divine beauty..




# Shree Patan Jain Mandal
# Saurabh Medical Health Care
## (Goregaon)

## We Welcome Donors for the following Department

| | | | |
|---|---|---|---|
| 19. | X-ray | ... | 1.25 Cr |
| 20. | Physiotherapy | ... | 1.25 Cr |
| 21. | Dental | ... | 1.00 Cr |
| 22. | ENT | ... | 1.00 Cr |
| 23. | Pediatric | ... | 1.00 Cr |
| 24. | Dermatology | ... | 0.50 Cr |
| 25. | Homeopathy | ... | 0.50 Cr |
| 26. | Internal Medicine | ... | 0.50 Cr |
| 27. | Ayurvedic | ... | 0.50 Cr |
| 28. | Diabetic | ... | 0.50 Cr |

**Contact for Donation**

Shri Daneshbhai Vinodchandra Shah
Mo. 9930891985
Shri Hemantbhai Kantilal Salvi
Mo. 9820048367

## શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| Donors Name | Details | Cost Amt. |
|---|---|---|
| | **MAIN DONOR OF PROJECT** | |
| Smt. Arunaben Babulal Chhotalal Shah | | 5.25 Cr |
| | **CO. DONOR OF PROJECT** | |
| Smt. Pannaben Kapoorchand Sonawala | | 4.00 Cr |
| | **2000 Sq.Ft PROPERTY (Approx Rs. 5.50 Cr)** | |
| Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah | | |
| | **CARDIOLOGY DEPARTMENT** | |
| Smt. Vasantben Champaklal Manilal Jhaveri | | 2.50 Cr |
| Haste: Shri Bhupendrabhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri | | |
| | **PATHOLOGY DEPARTMENT** | |
| Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) | | 1.50 Cr |
| | **SONOGRAPHY DEPARTMENT** | |
| Smt. Geminiben Hemantbhai Kantilal Salvi | | 1.25 Cr |
| | **DIALYSIS CENTRE** | |
| Shri Shantilal Nagindas Shah (Shubh Trust) | | 1.25 Cr |
| | **GENERAL SURGERY** | |
| Smt. Vasumatiben Sevantilal Ambalal Shah | | 1.25 Cr |
| | **OPHTHALMOLOGY** | |
| Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar | | 1 Cr |
| | **ORTHOPEDIC CENTRE** | |
| Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri | | 50 Lc |
| | **GYNECOLOGY CENTRE** | |
| Smt. Jyotsnaben Mahendrabhai Shah | | 50 Lc |
| Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah | | |
| | **SADHU BHAGWANT ROOM** | |
| ✳ Smt. Neelaben Ashokbhai Popatlal Shah | | 50 Lc |
| | **SADHVIJI BHAGWANT ROOM** | |
| ✳ Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah | | 50 Lc |
| | **MAMMOGRAPHY** | |
| ✳ Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri | | 50 Lc |
| | **GENERAL CONSULTING** | |
| ✳ Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar | | 50 Lc |
| | **DR. REPORTING ROOM** | |
| ✳ Smt. Bhanuben Sureshchandra Himatlal Shah<br>Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben | | 25 Lc |
| | **WAITING AREA** | |
| ✳ Shri Shirishbhai Mafatlal Zaveri<br>Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar | | 25 Lc |
| | **RECEPTION ROOM** | |
| ✳ Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon) | | 25 Lc |
| | **CONFERENCE ROOM** | |
| ✳ Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara | | 25 Lc |
| | **OPG SECTION** | |
| ✳ Smt. Pravinaben Mahendrabhai Sandesara<br>Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara | | 25 Lc |
| | **GASTROENTEROLOGY** | |
| ✳ Shri Jatinbhai Bhagwandas Shah<br>Haste: Smt. Ninaben Jatinbhai Shah | | 25 Lc |

## SAURABH MEDICAL HEALTH CARE
## DOCTORS OPD SCHEDULE

| Department Name | Attending Doctors Name | OPD Days | OPD Timings |
|---|---|---|---|
| General Dentistry | Dr. Aishwarya Shetty (BDS) | Mon to Sat | 9.00 AM to 11.00 AM |
| | Dr. Nikita Shah (BDS) | Thu & Sat | 11.30 AM to 1.30 PM |
| | Dr. Hitaishi Shah (BDS) | Mon-Wed-Thu | 5.00 PM to 7.00 PM |
| Oral Surgery & Implantology | Dr. Siddhi Rane (MDS) | Tue & Sat | 5.00 PM to 7.00 PM |
| | Dr. Dishali Patni (BDS Implantologist) | Wed-Fri | 11.30 AM to 1.30 PM |
| Orthodontics | Dr. Smit Jhaveri (MDS) | Friday | 5.00 PM to 7.00 PM |
| Pedodontics | Dr. Pooja Khakhar (MDS) | Mon & Fri | 2.30 PM to 4.30 PM |
| | Dr. Nikita Dandekar (MDS) | Mon-Tue | 11.30 AM to 1.30 PM |
| Endodontics | | | |
| Periodontics | Dr. Ravi Ramchandani (MDS) | Wed & Sat | 2.30 PM to 4.30 PM |
| Proshthodontics | Dr. Kinjal Jhaveri (MDS) | Tue & Thu | 2.30 PM to 4.30 PM |
| Ophthalmology | Dr. Jimit Choudhari (MS. Ophthal) | Wed-Sat | 1.00 PM to 2.00 PM |
| | Dr. Sanjana Shiggaon (MS. Ophthal) | Mon & Thu | 11.00 AM to 1.00 PM |
| | Dr. Ritu Shah (MS. Ophtal) | Tuesday | 4.000 PM to 6.00 PM |
| Dermatology | Dr. Vilaksh Jain (MBBS; DNB) | Mon- Wed-Fri | 9.00 AM to 10.00 AM |
| | Dr. Komal Panchal (MBBS; DDV) | Saturday | 5.00 PM to 6.00 PM |
| | Dr. Radha Mundhra (MBBS; MD; DNB) | Mon-Fri | 4.30 PM to 5.30 PM |
| Gynaecology | Dr. Bhumika Bhagat (MBBS; Obstetrician & Gynaecologist) | Mon-Wed-Fri | 10.00 AM to 11.00 AM |
| | Dr. Jayashree Khopkar (MBBS; DGO, DNB Genaecologist) | Tue-Thu-Sat | 2.00 PM to 3.00 PM |
| Nephrology | Dr. Gaurav Bhandari (MD Medicine, DNB Nephrology) | Thursday | 9.00 AM to 10.30 AM |
| Internal Medicine | Dr. Prasad Holambe | By Appointment | |
| General Physician & Geriatrics | Dr. Anuj Tiwari (MD Medicine & Geriatrics) | Wednesday | 6.00 PM to 7.00 PM |
| Neuro Surgery (Brain & Spine) | Dr. Sarit Shah (MBBS; DNB Neuro Surgery) | Saturday | 3.30 PM to 4.30 PM |
| General Consulting (GP) | Dr. Priyanka Mota Shah (MBBS) | Mon to Sat | 12.00 PM to 1.00 PM |
| Chest Medicine | Dr. Rakesh Rajpurohit (MD Chest Physician) | Tue-Thu-Sat | 11.00 AM to 12.00 PM |
| Orthopaedic | Dr. Prasanna Biswas (MS Ortho) | Wed-Sat | 1.30 PM to 2.30 PM |
| | Dr. Pradhyumn rathi (DNB Ortho) | Tue-Thu | 3.30 PM to 5.00 PM |
| | Dr. Meghraj Holambe (MBBS; MS ORTHO) | Mon-FRI | 2.00 PM to 3.00 PM |
| General Surgery | Dr. Rikta Ramchnadani (MS General Surgery) | Tue-Sat | 5.00 PM to 6.00 PM |
| ENT | Dr. Purnima Kumar (MS ENT) | Mon- Wed-Fri | 11.30 AM to 12.30 PM |
| | Dr. Devina Chitranshi (MS ENT) | Tue-Thu-Sat | 11.00 AM to 12.00 PM |
| Cardiology | Dr. Vivek Agrawal (MD Medicine; DM Cardiology; DNB Cardiology) | Tue & Fri | 11.00 AM to 12.00 PM |
| | Dr. Rohin Saini (MD Medicine; DM Cardiology; DNB Cardiology) | Mon to Sat | 4.00 PM to 5.00 PM |
| Diabetology | Dr. Sushil Kumar Vishnu (MBBS; F Diab; CCGDM) | Mon-Wed-Fri | 11.00 AM to 12.00 PM |
| Physiotherapy | Dr. Megha Panchal Patel (B.Pth, Mpth) | Mon to Sat | 9.00 AM to 11.00 AM |
| | Dr. Khushbu Vishwakarma (B.pth) | Mon to Sat | 11.00 AM to 1.00 PM |
| | Dr. Rashmi Sanil (BPTH; MPTH (NEURO), MIAP | Mon to Sat | 1.00 PM to 3.00 PM |
| | Dr. Kinjal Shah (B. Pth;CMT,Cupping & Dry-Needling Therapist) | Mon to Sat | 4.00 PM to 5.00 PM |
| Homeopathy | Dr. Jayashree Shah (BHMS) | Mon & Wed | 9.00 AM to 10.00 AM |
| | Dr. Dipti Shah (BHMS) | Thu & Sat | 10.00 AM to 11.00 AM |
| Ayurvedic | Dr. Vikas Dubey (BAMS) | By Appointment | |
| Nutrition & Dietetics | Dr. Diti Shah (MSC, CDE) | By Appointment | |
| Paediatric | Dr. Vrushank Desai (MBBS; DNB) | Tuesday | 2.00 PM to 3.00 PM |
| **DIAGNOSTIC DEPARTMENTS LIST** | | | |
| Pathology | Dr. Vrijesh Kabra (MD Pathology) | Mon to Sat | 3.00 PM to 4.00 PM |
| **7 AM to 2 PM (Blood Collection Timings) 5.00 pm to 6.00 pm (Report dispatch)** | | | |
| Sonography | Dr. Swati Karmarkar (MD, DNB, D.M.R.D.) | Mon to Sat | 1.30 PM to 2.30 PM |
| | Dr. Bharat Boricha (DNB, D.M.R.D.) | Mon to Sat | 4.00 PM to 5.00 PM |
| X-RAY | Dr. Swati Karmarkar (DNB, D.M.R.D.) | Mon to Sat | 1.30 PM to 2.30 PM |

# SAURABH MEDICAL HEALTH CARE

Managed By

SHREE PATAN JAIN MANDAL

YOUR HEALTH IS OUR PRIORITY

**Health Checkup**

**Full Body Rs. ~~9000/-~~**

**Rs. 4500/- Only**

**FOR BOTH MALE & FEMALE**

**Included Doctor Consutlation**

**ON EVERY SATURDAY**

**WITH BREKAFAST**

**NOTE : FASTING IS REQUIRED (10 TO 12 HOURS)**

**FOR MALE**

| INVESTIGATIONS | TEST DETAILS |
| --- | --- |
| BASIC BLOOD TEST | CBC, ESR BLOOD GROUP<br>URINE ROUTINE |
| DIABITITES PROFILE | BLOOD SUGAR FASTING<br>PP BLOOD SUGAR HBA1C |
| LIPID PROFILE | TOTAL CHOLESTEROL<br>HDL, LDL, VLDL,<br>TRIGLYCERDIES |
| LIVER PROFILE | TOTAL PROTIN<br>TOTAL BILIRIJBIN<br>DIRECT BILIJBRIN<br>ALBLJMIN, GLOBLJLIN<br>SGPT, SGOT<br>ALKAINE PHOSPHATE<br>GGTP |
| KIDNY PROFILE | BUN, UREA, CALCIUM,<br>PHOSPEROUS,<br>S. CREATINE, S. ELECTRLYTIES<br>S. URIC ACID, TOTAL PROTIN<br>ALUBUMIN |
| THYROID PROFILE | T3, T4, TSH |
| VITAMIN PROFILE | VITAMIN D3, B12 |
| SPECIALIST BLOOD TEST | PSA, IRON STUDIES<br>CRP |
| IMAGING & OTHER | CHEST XRAY |
| CARDIAC SCREENING | ECG,<br>2D ECHO OR STRESS TEST |
| DOCTOR CONSULTATION | PHYSICIAN<br>OPTHALMOLOGIST<br>DENTIST<br>ENT |

Terms & Condition Apply

**FOR FEMALE**

| INVESTIGATIONS | TEST DETAILS |
| --- | --- |
| BASIC BLOOD TEST | CBC, ESR BLOOD GROUP<br>URINE ROUTINE |
| DIABITITES PROFILE | BLOOD SUGAR FASTING<br>PP BLOOD SUGAR HBA1C |
| LIPID PROFILE | TOTAL CHOLESTEROL<br>HDL, LDL, VLDL,<br>TRIGLYCERDIES |
| LIVER PROFILE | TOTAL PROTIN<br>TOTAL BILIRIJBIN<br>DIRECT BILIJBRIN<br>ALBLJMIN, GLOBLJLIN<br>SGPT, SGOT<br>ALKAINE PHOSPHATE<br>GGTP |
| KIDNY PROFILE | BUN, UREA, CALCIUM,<br>PHOSPEROUS,<br>S. CREATINE, S. ELECTRLYTIES<br>S. URIC ACID, TOTAL PROTIN<br>ALUBUMIN |
| THYROID PROFILE | T3, T4, TSH |
| VITAMIN PROFILE | VITAMIN D3, B12 |
| SPECIALIST BLOOD TEST | CA 125, IRON STUDIES<br>CRP |
| IMAGING & OTHER | CHEST XRAY, PAP SAMER |
| CARDIAC SCREENING | ECG,<br>2D ECHO OR STRESS TEST |
| DOCTOR CONSULTATION | PHYSICIAN<br>GYNOCOLOGIST<br>OPTHALMOLOGIST<br>DENTIST, ENT |

Terms & Condition Apply

## AT GOREGAON

101-201, Prem Tower-A. 8, Jawahar Nagar, S. V. Road,
Opp. Goregaon Police Station, Goregaon (West), Mumbai - 400 104.

**Tel. : 022-31774129 / +91-8369844115**

# FREE MEDICAL CAMP

**SAURABH MEDICAL HEALTH CARE**

SMHC

Managed By

SHREE PATAN JAIN MANDAL

**DIABETES SCREENING** - Blood Test (CBC, Fasting Sugar) With Doctor Consultation

**EYE CHECK UP** - Doctor's Consultation

**DENTAL CHECK UP** - Doctor's Consultation

REGISTRATION FEE RS. 50/= (REFUNDABLE)

**FOR ONLY 100 PATIENTS**

**ON SUNDAY, 10TH MARCH 2024**

**Time :- 8 am to 2 pm**

101-201, Prem Tower-A. 8, Jawahar Nagar, S. V. Road,
Opp. Goregaon Police Station, Goregaon (West), Mumbai - 400 104.

**Tel. : 022-31774129 / +91-8369844115**


## અધૂરપ ઢાંકીએ – સારપ ઉપસાવીએ

### Cover Shortcomings and Embrace Goodness



A person was sitting on the outskirts of a dense forest, wanting to cross it but unable to do so because of their lameness. Just then, a blind man approached with the same intention but couldn't navigate the forest without sight. Despite their disabilities, they both resolved to overcome their problem through cooperation. The blind man carried the lame one on his shoulders, and the latter guided him through the forest with their vision. Together, they happily crossed the forest, proving that unity of goodness can overcome shortcomings.

Dual relationships, such as father-son, brother-brother, husband-wife, and guru-disciple, also contain both shortcomings and goodness. These pairs complement each other, covering each other's imperfections to accomplish tasks. The human condition both shortcomings and goodness; one can never find one without the other. Therefore, it is crucial to accept and appreciate the positive sides of others. connecting your goodness with theirs to live a happy life. Do not focus on others' shortcomings; instead, recognize their strengths and unite them with your own to create a fruitful relationship.

# દુનિયાની પ્રાચીન - અર્વાચીન સફર

વિ.સ. ૧૯૫૯માં ભાવનગરના દાતા સાહેબના પ્રાંગણમાં શ્રી મહાવીર સ્વામી જિનાલયની પ્રતિષ્ઠા મહોત્સવ હતો. દાદાના મંદિરના શિખર પર ધજા ફરકાવવાનો અમૂલ્ય લાભ મોટી બોલી બોલીને લીધો હતો. ભાવનગરના શેઠ ત્રિભુવન ભાણજીએ.. પોતાના પૂરા પરિવાર સાથે ત્રિભુવન શેઠ દાદાના મંદિરના શિખર પર ચડયા હતા. સૌ ધજા ફરકાવવાના ઉત્સાહમાં મસ્ત હતા. પણ ત્રિભુવન શેઠ અહીં રહીને ચારે દિશાનું ભાવનગર નિહાળી રહ્યા હતા. ત્યાં પોતાનો પંચમંજલી ભવ્ય બંગલો દેખાયો.. તાજો જ બનાવેલો બંગલો સંગેમરમરથી મઢેલો અને લાકડામાં કોતરણીથી શોભતો બંગલો. ક્ષણવાર તો જોઈને ખુશ ખુશ થઈ ગયા. પણ વળતી ક્ષણે કંઈક જુદો જ વિચાર આવી ગયો.. જેનાથી શેઠ અંદરથી ધ્રુજી ઊઠ્યા.. ખૂબ ઉમંગ અને ઉલ્લાસથી ધજા ફરકાવી પરિવાર સાથે પોતાના પંચમંજલી બંગલે આવ્યા.

બીજે દિવસે પરિવારને ભેગો કર્યો... શેઠ બોલ્યાઃ કાલે દાદાના શિખર પર ધજા ફરકાવી... ત્યારે મેં જોયું કે આપણો બંગલો દાદાના શિખરથી પણ વધુ ઊંચો છે. મને લાગે છે આ ઠીક નથી. જે દાદાના શરણમાં આપણે હેમખેમ છીએ, તે દાદાનું શિખર આપણા બંગલાથી નીચું હોય, એ મને ઠીક નથી લાગતું.

પરિવાર શાંતિથી સાંભળી રહ્યો હતો. 'તો હવે શું કરવું ?' આ પ્રશ્નસૂચક નજરે સૌ શેઠને જોઈ રહ્યા હતા.

શેઠે આગળ ચલાવ્યું, મેં આના પર ખૂબ વિચાર કર્યો. દાદાનું શિખર તો હવે ઊંચુ વધારી શકાય તેમ નથી. તેમ કરવા માટે ફરીથી આ જિનાલય ઉતારી નવેસરથી નવું મંદિર બંધાવવું પડે, જે કોઈ કાળેય શક્ય નથી. પણ એક વસ્તુ શક્ય છે તે એ કે આપણા બંગલાનો મસ્ત મજાનો કોતરણીવાળો - આરસમઢ્યો પાંચમો માળ આપણે ઉતરાવી દઈએ, ચાર માળ બરાબર છે.


પરિવાર શેઠના પગલે ચાલવાવાળા હતા. શેઠની વાતને આખા પરિવારે ઊંચકી લીધી અને ઊંચકાયેલા શેઠે સુથાર અને કડિયાઓને બોલાવી તરત જ ઊંચા બંગલામાં પાંચમાં માળને ઉતરાવી દીધો..

અને પાંચમો માળ ઉતરાવીને મંદિરને ઊંચાઈ આપનારા ત્રિભુવન નાયક મહાવીરના મંદિરના માધ્યમે ત્રિભુવન શેઠે ત્રિભુવનના આંગણે સૂર્ય જેમ ચમકી રહ્યા. (ધન્ય પ્રભુભક્તિ. બંગલાના મોહને દૂર કરી શકનારા ત્રિભુવન પરિવાર પણ ધન્યવાદાર્દ છે.

---

દુનિયાની જીવંત અજાયબી એટલે **ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત દોલત સાગર સૂરિશ્વરજી મ.સા.** એમની દીક્ષા અડધી રાત્રે દોઢ વાગ્યે થઈ, તેઓ જન્મે પટેલ હોવાથી ૧૪માં વર્ષે પ્રથમ વખત નવકાર મંત્ર સાંભળ્યો. ૧૮માં વર્ષે ગુરુભગવંતે તેમને યોગ્ય પાત્ર જાણી ૧૯માં વર્ષે દીક્ષા લેવા તૈયાર કર્યા. તેમને રજોહરણ આગમોદ્ધારક સાગરજી મહારાજે આપ્યું અને દીક્ષા પછી પ્રથમવાર રાઈ પ્રતિક્રમણ કર્યું, અડધી રાત્રે દીક્ષા લીધા બાદ એકલાએ ૬૭ કિ.મી.નો પ્રથમ વિહાર કર્યો. તેમને દીક્ષાથી લઈ વડી દીક્ષા સુધી ઉપાશ્રયમાં બારીબારણા બંધ રાખી છૂપાવીને રાખવામાં આવ્યો હતા જેથી પટેલ સમાજ તેમને નુકસાન ન પહોચાડે. દીક્ષાના સમયે તેમને નવકાર અને કરેમિ ભંતેઃ આ બે સૂત્ર જ આવડતા. ત્યારબાદ સમય જતાં ૪૫ આગમો કંઠસ્થ કર્યા હતા. ૬ઠ્ઠના પારણે છઠ્ઠ કરી વર્ષી તપ કર્યો હતો અને ૩૭ વર્ષ સુધી ૧૦૦૮ લોગસ્સ કાઉસગ્ગ અને ૧૦૦૮ ખમાસમણા આપતા હતા. ૧૦૩ વર્ષના આ મહાન ગુરુદેવને કોટી કોટી વંદન....

---



# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા માટે દાનની વિજ્ઞપ્તિ



**સમાજના દાતાશ્રીઓનો અદ્ભુત પ્રતિસાદ**
**રૂા. ૫ કરોડના પ્રોજેક્ટ સામે લગભગ રૂા. ૩.૭૨ કરોડની દાન ઉપલબ્ધી.**

| | |
|---|---|
| **શાળાના મુખ્ય દાતા શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ** | રૂા. ૧,૫૧,૦૦,૦૦૦/- |
| ગત પ્રતિબિંબ અંકોમાં પ્રકાશિત થયા મુજબ | |
| ◆ ૧૪ ક્લાસરૂમના દાતાશ્રીઓ | રૂા. ૯૮,૦૦,૦૦૦/- |
| ◆ કોમ્પ્યુટ રૂમ, સિદ્ધહેમ લોબી, લાયબ્રેરી, સ્ટાફરૂમ, પ્રિન્સીપલ રૂમ, સંગીત રૂમ, આર્ટ રૂમ, બાલવાટીકા, વિઝિટર્સ રૂમ, વોટર રૂમ, કેન્ટીન વિગેરે વિભાગના દાતાશ્રીઓ | રૂા. ૧,૧૭,૫૦,૦૦૦/- |
| કેન્ટીન : શ્રીમતી કાંતાબેન નાનકચંદ મોતીચંદ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રિતીબેન પરેશભાઈ શાહ | રૂા. ૫,૫૦,૦૦૦/- |
| **દાતાશ્રીઓની અનુમોદના - સહ અભિનંદન** — કુલ રકમ | રૂા. ૩,૭૨,૦૦,૦૦૦/- |

**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો... આજેજ જોડાઓ...**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**૨૯ સ્કીમો માટે દાતાશ્રીઓ પ્રાપ્ત છે, બાકી રહેલી ૬ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ◆ Science Lab | 1 | ... | 25,00,000 | ◆ Conference Room | 1 | ... | 30,00,000 |
| ◆ General Lab | 1 | ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 1 | ... | 30,00,000 |
| ◆ Sidhahem Lobby | 1 | ... | 10,00,000 | ◆ Lift each | 2 | ... | 5,50,000 |

**નૂતન પ્રાથમિક સ્કુલ પ્રોજેક્ટમાં નાનાથી મોટા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થિઓ તથા પટ્ટણીઓ વિદ્યાદાન આપી જોડાઈ શકે તે હેતુથી નીચે મુજબની યોજના જાહેર કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.**


## GOLDEN STONE
Scheme
2,00,000/- (રૂા. ૨ લાખ)
જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે.

## SILVER STONE
Scheme
1,00,000/- (રૂા. ૧ લાખ)
જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે.

ગોલ્ડન સ્ટોનના દાતા — સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રકુમાર શાહ (કનાસાનો પાડો)
સિલ્વર સ્ટોનના દાતા — શ્રીમતી મધુબેન કાંતિલાલ ભોગીલાલ પરિવાર
હ. શ્રી શૈલેષભાઈ કે. શાહ (ભચાઉ)ઋદ ડટ્ટ ધથ્ત્ત્ટ્ટઠઠદ્ધ૭ ઢટ્ટદ્રણટ્ટ ધડતણઠણટ્ટ ડઠડદ્રદ્રથ્દ્રણટ્ટ

દાન આપનારનું નામ નૂતન વિદ્યાલયમાં ગ્રેનાઈટની તક્તી પર સોનેરી તથા રૂપેરી અક્ષરે મઢવામાં આવશે.
વિદ્યાદાન આપી પૂણ્યાનુંબંધી પૂણ્ય કમાવવાની અમૂલ્ય તક.

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧




**જાન્યુઆરી - ૨૦૨૩, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

## શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

**આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩**

**મુંબઈ કાર્યાલયઃ- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

**મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬**

| | |
|---|---|
| શ્રી શાંતિલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ | ૫,૦૦,૦૦૦ |
| જય બ્રહ્માણી, જય વિહત મેલડી, હ. રાકેશભાઈ અમૃતલાલ પટેલ (ખારી વાવડી) | ૩,૦૨,૦૦૦ |
| શ્રી જીનલ સુરેશભાઈ શાહ (લખિયારવાડો) | ૧,૩૨,૦૦૦ |
| શેઠશ્રી મોતીશા સાધર્મિક ભક્તિ કેન્દ્ર ભાયખલા | ૧,૦૦,૦૦૦ |
| શ્રી ભાવિનભાઈ અરવિંદભાઈ શાહ (સ્વ. ચંદ્રાવતીબેન રાયચંદશાહની પુણ્યતિથિ નિમિત્તે), વાસુપૂજ્યની શેરી | ૧,૦૦,૦૦૦ |
| Renaissance Foundation | ૧,૦૦,૦૦૦ |
| ડૉ યશવંતભાઈ હરીલાલ ઝવેરી (ખેતરવશી) શ્રી બીનોયભાઈ તુષારભાઈ ઝવેરીના લગ્ન પ્રસંગ નિમિત્તે | ૧,૦૦,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૭૫,૦૦૦ |
| શ્રી કાંતિલાલ કેશવલાલ સોની (કોકાનો પાડો, પાટણ) | ૭૦,૦૦૦ |
| સમસ્ત મહાજન, મુંબઈ | ૫૦,૦૦૦ |
| ખોડાઢોર પાંજરાપોળ કંબોઈ | ૪૦,૦૦૦ |
| C.J. Shah & Co. નરીમાન પોઈન્ટ | ૩૭,૦૦૦ |
| શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ (અબજી મહેતાનો પાડો) (શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણક નિમિત્તે) | ૩૧,૦૦૦ |
| શ્રી સાંચોરી જૈન સંઘ | ૩૧,૦૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ શાહ હ. ગૌરીકપુર, આદિત્યકપુર, અરવિંદકપુર | ૨૮,૦૦૦ |
| શ્રી ભાવિનભાઈ અરવિંદભાઈ શાહ (વાસુપૂજ્યની શેરી) | ૨૨,૫૦૦ |
| શેઠ વાડીલાલ સારાભાઈ દેરાસરજી ટ્રસ્ટ, મુંબઈ | ૨૨,૦૦૦ |
| શ્રીમતી કાશ્મીરાબેન દિનેશભાઈ મણિયાર (ચોધરીની શેરી) | ૨૧,૦૦૦ |
| મીઠી વાવડી સમસ્ત મહાજન, મીઠી વાવડી, પાટણ | ૨૧,૦૦૦ |
| રીકીન જ્વેલરી | ૨૧,૦૦૦ |
| શ્રી રતિલાલ નાનચંદ શાહ પરિવાર મુંબઈ | ૧૫,૩૫૦ |
| શ્રી મહાવીરનગર શ્વે. મુ. જૈન સંઘ, (શંકરગલી, કાંદિવલી) | ૧૫,૦૦૦ |
| શ્રી મહાવીર સ્વામી જૈન શ્વે. મુ. સંઘ દેરાસર ટ્રસ્ટ (ખેતવાડી, મુંબઈ) | ૧૫,૦૦૦ |
| D.R. Jhaveri HUF (મરીનડ્રાઈવ) | ૧૪,૦૦૦ |
| શ્રીમતી દત્તાબેન શાહ (મરીનડ્રાઈવ) | ૧૧,૦૦૦ |
| શ્રી કૃણાલ અમીતભાઈ શાહ (પોળની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી અમીતભાઈ સી. શાહ (પોળની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ હરસુખલાલ શાહ (ચોધરીની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી પરશોત્તમ સુરચંદ જૈન રીલી ટ્રસ્ટ (કાંદિવલી) | ૧૧,૦૦૦ |
| શ્રી બિપીનભાઈ અમૃતલાલ શાહ (ભાભાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી પાયલબેન જયેશભાઈ શાહ, (ગોવાલીયા ટેંક, લખિયારવાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી ચંપાબેન નાનાલાલ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી ગીતાબેન કીરીટભાઈ શાહ (ચોધરીની શેરી, પાર્લા) | ૧૧,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિર (રાજાજીનગર, બેંગલોર) | ૧૧,૦૦૦ |
| શ્રી ચંદ્રેશભાઈ એન. શાહ પરિવાર (મુંબઈ) | ૧૧,૦૦૦ |
| ખારી વાવડી, સમસ્ત મહાજન, ખારી વાવડી, (પાટણ) | ૧૧,૦૦૦ |
| શ્રી રૂપલબેન ગીરીશભાઈ શાહ (ઢંઢેરવાડો) | ૧૧,૦૦૦ |
| અગ્રવાલ હોસ્પિટલ (પાટણ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી ભારતીબેન મનહરલાલ સંઘવી (વાગોળનો પાડો) | ૧૦,૦૦૦ |
| શ્રીમતી હંસાબેન ભગવાનદાસ શાહ (ભગવાનદાસ રમણલાલ શાહના સ્મરણાર્થે) | ૧૦,૦૦૦ |
| શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી (પાર્લા, ખેતરવસી) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## સાભાર સ્વીકાર

**નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૨,૦૦,૦૦૦/- ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી (બ્રાહ્મણવાડો)
હ. શ્રી બિનોયભાઈ તુષારભાઈ ઝવેરી
હ. શ્રી દેવભાઈ દિપેનભાઈ ઝવેરી

૩,૫૦,૦૦૦/- શ્રીમતી સુશીલાબેન રમેશચંદ્ર શાહ (રાજુલાવાલા)
હ. શ્રીમતી નિજલબેન દેવેશભાઈ શાહ
(વખતજીની શેરી)

**સૌરભ મેડિકલ હેલ્થ કેર ભેટ :**

૨૫,૦૦,૦૦૦/- શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ
શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહના સ્મરણાર્થે
(ખેતરવસી)

૨૦,૦૦,૦૦૦/- બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ
પન્નાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ
બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ (ખજુરીનો પાડો)

૧૦,૫૦,૦૦૦/- શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી (બ્રાહ્મણવાડો)
હ. શ્રી તુષારભાઈ યશવંતભાઈ ઝવેરી
હ. શ્રી દિપેનભાઈ યશવંતભાઈ ઝવેરી

૫,૦૦,૦૦૦/- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહના સ્મરણાર્થે
શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ(સિદ્ધચક્રની પોળ)

**મેડિકલ / શિક્ષણ સહાય ભેટ :**

૧૦,૦૦,૦૦૦/- પ્રેમચંદ જીવાચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ

૫,૦૦,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન અશ્વીનભાઈ શાહ
મેમોરિયલ ટ્રસ્ટ
હ. શ્રી અનુજભાઈ અશ્વીનભાઈ શાહ
(ભાભાનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રી યશભાઈ વિપુલભાઈ શાહ
હ. શ્રી જીતાબેન વિપુલભાઈ શાહ

**યાત્રા પ્રવાસ ભેટ :**

૫,૫૦,૦૦૦/- શ્રી નિખીલભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રીમતી દિપ્તીબેન નિખીલભાઈ શાહ
(કુંભારીયા પાડો)

**દિવ્યાંગ ઉત્કર્ષ સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રી ભરતભાઈ જયંતિભાઈ કોઠારીની ૭મી
પુણ્યતિથિ નિમિત્તે
હ. શ્રીમતી ગીતાબેન ભરતભાઈ કોઠારી

**મેડિકલ સહાય ભેટ :**

૧૧,૦૦૦/- સ્વ. શ્રીમતી ધનલક્ષ્મીબેન નવીનચંદ્ર શાહના
સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી
હ. શ્રી રશ્મિકાબેન નવીનચંદ્ર શાહ

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧૧,૦૦૦/- શ્રી ચેતનાબેન નરેશભાઈ શાહ


**મોકાનું મકાન વેચવાનું છે**

ફોફલીયા વાડો - મનમોહનજીની શેરી
૧૦૫૦ ચો. ફુટ ગ્રાઉન્ડ ફ્લોર + ૨ માળ,
શેરીમાં આગળ અને પાછળ રોડ પર એન્ટ્રી

સંપર્ક :-

આઈ. કે. શાહ :- મો. 9879966655 ADVT


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાળ | ઝવેરી વાડો | સુરેશભાઈ ચીમનલાલ ચોક્સી | ૮૪ | ગોવા | ૦૪-૦૧-૨૪ | માગસર વદ ૦૯ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | ધનલક્ષ્મીબેન નવીનચંદ્ર શાહ | ૮૮ | બોરીવલી | ૧૩-૦૧-૨૪ | પોષ સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | માર.મહેતાનો પાડો | સ્મીતાબેન પ્રદિપકુમાર છત્રીસા | ૭૨ | કેમ્પ્સકોર્નર | ૧૭-૦૧-૨૪ | પોષ સુદ ૦૭ |
| વિશા પોરવાળ | સિદ્ધચક્રની પોળ | સંજયભાઈ દિનેશભાઈ શાહ | ૫૫ | શિકાગો | ૧૯-૦૧-૨૪ | પોષ સુદ ૦૯ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | સરોજબેન અમૃતલાલ નગરશેઠ | ૮૨ | મરીનડ્રાઈવ | ૨૩-૦૧-૨૪ | પોષ સુદ ૧૩ |
| વિશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | મહેન્દ્રભાઈ નેમચંદ બેન્કર | ૮૬ | મરીનડ્રાઈવ | ૨૭-૦૧-૨૪ | પોષ વદ ૦૨ |
| દશા શ્રીમાળી | ખેતરવસીનો પાડો | દિવ્યબાળાબેન મહાસુખલાલ પરીખ | ૯૨ | મરીનડ્રાઈવ | ૧૦-૦૨-૨૪ | મહા સુદ ૦૧ |
| દશા શ્રીમાળી | પંચોટીનો પાડો | અરવિંદભાઈ ચીમનલાલ શાહ | ૮૨ | અંધેરી | ૧૩-૦૨-૨૪ | મહા સુદ ૦૪ |

ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# શ્રદ્ધાંજલિ



**શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ** (સિદ્ધચક્રની પોળ) માત્ર ૩૦ વર્ષની વયે અમેરિકા ખાતે ટેક્નોલોજી પ્રોડક્ટસની Vistex એશિયા પેસિફિક પ્રા.લિ.ની સ્થાપના કરી વિદેશની - શિકાગો ભૂમિમાં ભારતીય ઉદ્યોગપતિ તરીકેનું ગૌરવવંતુ સ્થાન મેળવ્યું. પોતાના દુરંદેશી અને કુશળ નેતૃત્વને લઈને અમેરિકા, કેનેડા, આફ્રિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા, મેક્સીકો, યુરોપ ઉપરાંત ભારતમાં પણ તેમ કંપનીની શાખાઓ ફેલાવી એક મલ્ટીનેશનલ કું. બનાવવામાં તેઓ યશસ્વી રહ્યા હતા.


શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી પર્વ ઉજવણી પ્રસંગે પોતાના અતિ વ્યસ્ત વ્યવસાયિક જીવનમાંથી સમય ફાળવી NSCI વર્લી ખાતે પોતાના પરિવાર સહ ઉપસ્થિત રહેલ અને સંસ્થાની સમાજ લક્ષી પ્રવૃત્તિઓને બિરદાવતા રૂપિયા સવા કરોડનું દાન જાહેર કરી પોતાનું પટણી તરીકેનું ઋણ અદા કરેલ.

છેલ્લા ૨૫ વર્ષોથી શિકાગોમાં તેમજ વિશ્વમાં પોતાનું સામ્રાજ્ય ફેલાવનાર કંપનીના ફાઉન્ડર શ્રી સંજયભાઈ જેવા મલ્ટી ટેલેન્ટેડ વ્યક્તિના આઘાતજનક નિધનથી પરિવાર, સંસ્થા, સમાજ અને દેશને એક કર્મનિષ્ઠ યુવાધન ઉદ્યોગપતિની કદાપી ના પુરાય તેવી ખોટ રહેશે.

સદ્‌ગતશ્રી સંજયભાઈના અવસાનથી પરિવારજનોના દુઃખમાં શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા સંસ્થાના કર્મચારીઓ દુઃખની લાગણી અનુભવે છે અને ભાવભીની અંજલિ અર્પણ કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીના આત્માને ચિરઃશાંતિ અર્પો એજ પ્રાર્થના.

ઓમ શાંતિઃ



**શ્રી લલિતભભાઈ પોપટલાલ શાહ** (કુંભારીયા પાડો)નું તા. ૧૦-૦૧-૨૦૨૪ના ૮૭ વર્ષની જૈફ વયે થયેલ દુઃખદ નિધન બદલ મંડળ શોકની લાગણી અનુભવે છે.

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ અને દાતા.

શ્રી લલિલતભાઈ મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૮૦ થી જોડાઈ સંસ્થાના વિકાસમાં તેમજ સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ મારફત પ્રાપ્ત થયેલ દાન અન્વયે શિક્ષણ સમિતિના દાતા પ્રતિનિધી રહી, શૈક્ષણિક પ્રવૃત્તિઓના વિકાસ માટે સંનિષ્ઠપણે કાર્ય કરતા હતા.

હસમુખા અને મિલનસાર સ્વભાવને પરિણામે તેઓ મિત્ર વર્તુળ વિકસાવવામાં સફળ રહ્યા હતા. દીર્ઘ દ્રષ્ટિ તેમજ એકવાર લીધેલ કાર્ય પૂર્ણ કરવાની ભાવના તેમના જીવનમાં સદાય વણાયેલી રહી હતી.

મંડળની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા પ્રતિવર્ષ યોજાતી વિવિધ ટુર્નામેન્ટમાં તેઓનું સદાય આર્થિક યોગદાન પ્રાપ્ત થતું રહ્યું હતું.

સદગતશ્રીના નિધનથી સંસ્થાને એક શુભેચ્છક દાતા તથા વડિલની ન પુરાય તેવી ખોટ પડી છે.

એસ.કે. પરિવારના મોભી શ્રી લલિતભાઈના અવસાનથી પરિવારજનોના દુઃખમાં સહભાગી બની શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો દુઃખની લાગણી અનુભવે છે અને ભાવભરી અંજલિ અર્પણ કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદગતશ્રીના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

ઓમ શાંતિઃ



**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ (બેન્કર)** (મારફતિયા મહેતાનો પાડો)નું તા. ૨૭-૦૧-૨૦૨૪ના ૮૬ વર્ષની જૈફ વયે થયેલ દુઃખદ નિધન બદલ મંડળ શોકની લાગણી અનુભવે છે. શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ.

**'મહેન્દ્ર બેન્કર નામ હી કાફી હે'** એક સ્પષ્ટ વક્તા, નીડર વ્યક્તિત્વ, હરહંમેશ કોઈપણ સમયે કોઈપણ જરૂરિયાતમંદોની સેવા કરવાની ભાવનાવાળા વ્યક્તિ. તેમની સામાજીક પ્રવૃત્તિને બિરદાવતા મહારાષ્ટ્ર સરકારે તેમની SEM તરીકે નિમણૂક કરી હતી. પોલીસ ખાતુ, ડોક્ટર્સ અને હોસ્પિટલમાં તેમજ સરકારી ખાતાઓમાં લોકસેવા માટે સદાય તત્પર રહેતા હતા.

શ્રી પાટણ જૈન મંડળના મકાન નં. ૩ અને ૨ના રહીશો માટે તેમજ પાટણ જૈન મંડળની સંસ્થા માટે જ્યારે જ્યારે જરૂર રહેતી ત્યારે તેઓ ખડે પગે તેઓની સેવા આપતા.

તેઓ પાટણ બેન્કના પ્રમોટર હતા અને બેન્કનું જ્યારે ઉદ્‌ઘાટન થયું ત્યારે સૌથી વધારે શેર હોલ્ડર બનાવવામાં તેમનો મહત્વનો ફાળો રહ્યો હતો.

તેમના મહોલ્લાની કમિટીના તેઓ મેમ્બર હતા. ખુબજ દીર્ઘ દ્રષ્ટિ ધરાવતા એક બહોશ વ્યક્તિ હતા અને માનવસેવા - જનસેવા સૂત્રને અપનાવીને સૌના ચાહક બન્યા હતા.

પરમ કૃપાળુ પરમાત્મા સદગતશ્રીના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

ઓમ શાંતિઃ

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● February 2024 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
૨. શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)
૩. શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ તથા શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ શાહ (ઝભલાવાળા)
હ. શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી - મહાદેવાજીની શેરી)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર (વખતજીની શેરી)
૪. શ્રીમતી નીલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૫. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
૬. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૭. શ્રીમતી સુશીલાબેન કાંતિલાલ સાલવી. હ. શ્રી શૈલેષભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
૮. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
૯. શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

## શિખરજી યાત્રા પ્રવાસ

**રૂા. ૧૦ લાખના સમેતશિખર યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાઓ :-**

૧. શ્રી પંકજભાઈ નેમચંદભાઈ ચુનીલાલ શાહ (પોળની શેરી)
૨. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૩. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)
૪. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)
૫. શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
૬. શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર (હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)
૭. શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૮. શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ (હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંક મહેતાનો પાડો)
૯. શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુર મહેતાનો પાડો)
૧૦. શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ (હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ) (લખિયારવાડો)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,